અનન્ય પરિવર્તન

March 2019, Mumbai ♦ Volume 9 ♦ Issue 2



ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી તે જીવ આત્મારૂપ પુરૂષ વિના જાણ્યો જાય એવો નથી, એની નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.



Shri Kakubhai Jamnadas Tanna
Balwadi and High School

DESPEDIDA
Farewell To The First Outgoing Batch, 2019









અનુક્રમણિકા

પ્રાર્થના ૨
પૂજ્યશ્રીની સાથે - વચનામૃતની વાટે ૩
જ્ઞાન સાગર ૪
पूज्यश्री की अमृतवाणी ७
The Master's Voice ૯
શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર - એક
સંશોધનાત્મક પ્રયાસ ૧૧
સત્પુરુષાર્થ ૧૪
ઉત્સાહી ગીત ૧૫
SREC ૧૬
પ્રશ્નોત્તરી ૧૮
શ્રી રાધાવતાર ૨૦
આપણા આરાધ્ય પરમ કૃપાળુ દેવના સૂરત
સમીપના તીર્થ સ્થાનકોની મુલાકાત ૨૩
પૂજ્ય કુંવર મા ૨૫
SRATRC - KOLKATA ૨૭
SRATRC - JAMSHEDPUR ૨૮
સમાધિ મરણ ૨૯
SRATRC - BENGALURU ૩૧
RIYF ૩૩
જાણ્યું - અજાણ્યું - લખાણું ૩૪
Health To Happiness ૩૬
Recent News ૩૭
તત્ત્વ પહેલી ૩૮
Forthcoming Events &
From Us to You ૩૯
Sponsorship ૪૦



EDITORIAL

કાળ ચક્ર અવિરત ઘૂમ્યા જ કરે છે. દિવાળી ગઈ, હોળી ગઈ અને મહાવીર જયંતિ આવી રહી છે. જોતજોતામાં ગુરુ પૂર્ણિમા, પર્યુષણ અને બીજા મહોત્સવો પણ આવી અને જશે. માટે જ જ્ઞાની મહાત્માઓએ, સંત પુરુષોએ સમયને અતિ મૂલ્યવાન કહ્યો છે અને સમયની મૂડીને સત્પુરુષાર્થમાં વાપરવા વિશેષ ભાર આપ્યો છે.

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી પણ સાધક જિજ્ઞાસુઓને હાલના તેમના સત્સંગોમાં અંતરંગમાં જઈ મન, ચિત્ત, બુધ્ધિ, અહંકાર વિગેરેને ઓળખી આત્મા સમીપ પહોંચવા પ્રેરણા આપી રહ્યા છે. પૂજ્યશ્રીની સાથે સાથે ચાલી, આપણે તેઓશ્રીનું કહ્યું માની, આજથી જ રસ લોલુપતા ત્યજી, લુખુ-સુખુ, રસ-કસ વગરનો આહાર લેવાનો પ્રયાસ કરીએ તથા આજથી જ કોઈ એક વ્રત નિયમ લઈ, પર્યુષણ પર્વમાં વિશેષ અંતરંગ સાધના કરવાની તૈયારી કરીએ.

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરના જુદા જુદા સેન્ટરો આત્મધર્મની સાથે સાથે માનવ કલ્યાણની ઘણી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે અને પાછલા ૨/૩ મહિનાઓની પ્રવૃત્તિઓની માહિતી હર વેળાની જેમ આ અંકમાં પણ જોવા મળશે. તે સર્વેમાં પર્લીની શાળાની ''ફેરવેલ'' પ્રવૃત્તિ નોંધનીય અને મુખ ઉપર સ્મિત લાવે તેવી છે. હાલમાં પ્રયાગરાજમાં યોજાયેલ કુંભમેળાની માહિતી પણ જોશો.

આ સિવાય અનન્ય પરિવર્તનની બીજી કોલમોથી આપ પરિચીત છો. આવનાર મહાવીર જયંતિના નિમિત્તે તીર્થંકર પ્રભુના અંતર આશયને જાણનાર પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રના વચનો અને પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી દ્વારા તેની સરળ સમજણને જીવનમાં સૌથી મહત્વનું સ્થાન આપી, મૂલ્યવાન સમયનો ઉપયોગ કરી, આ રાજ માર્ગે આગળને આગળ વધતાં રહીએ એ જ ભાવના અને પ્રાર્થના સહ વાચક વર્ગને અમારા જય સદ્‌ગુરુ દેવ વંદન.

પ્રાર્થના

પ્રભુ મારા પ્યારા પ્રભુ !
અહો અહો પ્યારા પ્રભુ ! !
મોક્ષ માર્ગ બતાવનાર પ્રભુ !
કૃપાળુ દેવને ઓળખાવનાર પ્રભુ ! !

જાણતા હર એક દોષ અમારા,
તોય હાર ન માનનારા,
પુરુષાર્થ કરવા પ્રેરનારા,
અહો અહો પ્યારા પ્રભુ ! !

ક્યાંથી લાવો છો બળ,
નથી જવા દેતા વ્યર્થ એક પણ પળ,
એમના યોગબળથી જગતનું કલ્યાણ,
અહો અહો પ્યારા પ્રભુ ! !

અમારું કલ્યાણ કરવા,
એ હર વેળા દેહને ગૌણ કરે છે,
અમારા અલ્પ પુરુષાર્થથી દુઃખી,
તોય મૌન ધરે છે ! !

ઉઠીયે છીએ, પડીએ છીએ,
પ્રમાદ સામે ક્યારેક હારીએ છે અમે,
કોઈ પણ નિમિતથી બહાર કાઢનારા,
અહો અહો પ્યારા પ્રભુ ! !



પૂજ્યશ્રીની સાથે – વચનામૃતની વાટે

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના પવિત્ર અંતઃકરણમાંથી પાછલા બે મહિનાની પરમ જ્ઞાન સભામાં સ્ફુરાયમાન થયેલ અમૃત વચનો અહીં પ્રગટ કરીએ છીએ. આ વચનોમાં કંઈક નવીનતા, અદ્‌ભુતતા અને સુગંધ સ્પર્શ કરશે. જીવ જો આને સમજશે, વિચારશે, ફરી ફરી વાગોળશે, તેના ઉપર ઊંડું ચિંતવન, મનન કરશે તો વચનોમાં રહેલ રહસ્ય, આશય અને મર્મ પકડાશે જે તેના અંતરમાં પરિવર્તન કરી અનન્ય પદાર્થની પ્રાપ્તિનો ઉત્સાહી પુરુષાર્થ ઉપાડવાની પ્રેરણા આપશે.

- પાંચ ઈન્દ્રિયોથી જે કંઈ ક્રિયા થાય છે એ શરીરથી થાય છે અને સુખ-દુઃખનો, તીવ્ર રાગ-દ્વેષનો અનુભવ, ભૂતકાળની યાદ આ બધુ જ અંતઃકરણ કરે છે. આટલા ભેદથી ઓલ ધ ટાઈમ તમે વિચાર્યા કરો. દેહની ક્રિયા ખાલી દેહથી જ થાય છે અને ચેતનની જે કંઈ ક્રિયા; ચિંતન, વિચાર, અનુભવ એટલે કે ભોગ, કોઈ વસ્તુ ખાઈએ છીએ, સુખી થઈએ છીએ, દુઃખી થઈએ છીએ એ બધી ક્રિયા દેહ કરે છે પણ એ ક્રિયાનો ભોગવટો આત્મા કરે છે. તો પછી બે ભાગ છૂટા કેમ ન કરી શકાય ? આ બધી ક્રિયા આત્માની છે, હું આત્મા છું - આ દેહની ક્રિયા છે, આ દેહ છે આવી રીતે ઊંડા ચિંતવનથી ઊંડુ ઉતરાશે નહીં ત્યાં સુધી માર્ગને સમજવો અસંભવ છે.
- જન્મથી અત્યાર સુધી શરીરની અને ચેતનની બન્ને ક્રિયા બધાજ એક સાથે કરીએ છીએ. એ બે વસ્તુ અલગ છે. જેમ દેહ અને ચેતન, તો ક્રિયાઓ પણ અલગ છે, પણ સમજીએ છીએ એક દેહની જ. આ બન્ને ક્રિયાઓ છૂટી પડે તો આત્મા જલ્દી ઓળખાશે. કંઈ એકસ્ટ્રા મહેનત કરવાની નથી. ''હું હું છું એટલું બોલવાનું. મારે ઘરે જાવું છે, મને મારા ઘરે જાવું છે. હવે અહીંયા રહેવું નથી.''
- કોઈપણ વસ્તુ માટે પહેલો જે વિચાર આવે એ સંકલ્પ છે અને એ પૂરો કરવા જે કંઈ કરવામાં આવે એ વિકલ્પ છે. વિકલ્પ એ મનની અનેક પ્રકારની ઈચ્છાઓ છે. જેટલી આપણી ઈચ્છાઓ, જરૂરિયાતો ઓછી થાય, જેટલું સાદુ જીવન થાય તો વિકલ્પો ઓછા થશે અને વિકલ્પો જેટલાં ઓછા થશે એટલાં પાપકર્મ પણ ઓછા થશે.
- આખી જિંદગી ભલે વિચારી ન શકાય પણ વિચારવાનો પ્રયત્ન કરીએ અને જેવું વિચારી શકાય એવું વિચારીએ. બીજી બધી વસ્તુનાં વિચાર કરી શકાય પણ તત્વ ઉપર વિચારવાની ક્યારેય ટ્રાય કરી નથી. દિવસમાં કેટલીયે વખત સંકલ્પ, વિકલ્પ ચાલતા હશે પણ એના ઉપર એકાગ્ર થઈને વિચાર નહીં કરેલા હોય. વિચાર ન થતાં હોય તો એનું કારણ પણ સંસારનો મોહભાવ, રાગભાવ, આસક્તિ ભાવ છે.
- દરેક ક્ષણ લક્ષ એ રહેવો જોઈએ 'કર્મથી છૂટાય છે ? મહાબંધનથી છૂટાય છે ? આ સંસાર જ આત્મા માટે મોટું બંધન છે. પાંચ ઈન્દ્રિયોથી જે કંઈ ભોગ આપણે ભોગવીએ છીએ અને આનંદ માનીએ છીએ એનો ત્યાગ. જે જે વસ્તુઓ માટે અત્યંત એવો મોહ, આકર્ષણ થાય છે એનો ત્યાગ.. અલ્પ આહાર, અલ્પવિહાર, અલ્પ નિદ્રા, રસકસ વગરનો લુખ્ખો સુક્કો આહાર.' આ થવું જોઈએ.
- આખા દિવસમાં વારંવાર ભાવ જ કરવાના છે, 'કર્મોથી મુક્ત થવું છે, મારે કર્મોથી મુક્ત થવું છે.' કર્મ આવી ગયું તો એની સામે રીએકશન નહીં. કર્મને કહેવું 'હું બીઝી છું, પછી વાત કરીશ. તને જવું હોય તો જા.'
- 'હું આત્મા છું' તો આત્મ સ્વભાવમાં રહેવાય એ અત્યંત જરૂરી છે. જ્યારે જ્યારે કોઈની સાથે મતભેદ પડે ત્યારે આત્માએ સમતા, શાંતિ રાખવાની છે. એમની સાથે જીભાજોડી, વાદ-વિવાદ, પોતાનો બચાવ કરવાની જરૂર નથી.
  જતું કરવું એ જ તો સૌથી મોટો પુરુષાર્થ છે, એજ તો તપ છે. સામી વ્યક્તિ તમારી સાથે યોગ્ય રીતે ન વર્તતી હોય, તમારી સાથે દ્વેષ કરતી હોય, તમને હેરાન કરતી હોય ત્યારે સંપૂર્ણપણે એને માફી... મારું કર્મ છે, તો મારો સમતા ભાવ જોઈએ, સમતા ભાવ જોઈએ.
- દિવસમાં કોઈ એક ક્રિયા પછી ૫-૧૫ મિનિટ આત્માના વિચાર સિવાય બીજો કોઈ વિચાર નહીં કરીએ તો આત્મામાં રહી શકાશે.
  ગમે તે થાય દેહની સ્થિરતા બહુ જરૂરી છે. હલન-ચલન, ચળ-વિચળ શરીર ન થવું જોઈએ. જ્યારે જ્યારે ઊંડા ધ્યાનમાં જવાય છે ત્યારે મન અને દેહની સ્થિરતા બહુ જરૂરી છે. ૫-૧૫ મિનિટ નવરા બેઠા હો ત્યારે સ્થિરતા લાવી, ઉપયોગ આત્મામાં મૂકી, આત્માનો લક્ષ રાખી ધ્યાનની પ્રેક્ટીસ કરો તો ક્રમસર વધાતું જશે.
- કઈ કઈ જગ્યાએ તમારી ઈચ્છા ચાલ્યા કરે છે કે મને આ જોઈએ છે... જે જોઈએ છે એ બળવાન મોહનું કારણ છે એમાં જેટલી વધઘટ થાય એ પ્રમાણે સંકલ્પ - વિકલ્પ થાય જ.
  આવા સંકલ્પ - વિકલ્પ દરેક મિનિટે, દરેક કલાકે, આખો દિવસ વારંવાર ચાલ્યા જ કરે છે. આ સંકલ્પ - વિકલ્પ ત્યારે જ દૂર થઈ શકે જ્યારે સંસારની મોહિનીથી આપણે છૂટીએ.
  હજારો વસ્તુઓ પ્રત્યેનો મોહ આપણને હેરાન કરશે, કરશે અને કરશે. સંકલ્પ વિકલ્પ ટાળવા માટે સંસારની અંદર બળવાન ત્યાગ વૈરાગ્ય જોઈએ. દ્રઢ નિશ્ચય કર્યો હોય, પ્રતિજ્ઞા પણ લીધી હોય તો પણ ભોગાવલી કર્મના ઉદય વખતે તમારી પ્રતિજ્ઞા તૂટી જશે ત્યારે સૌથી ઈમ્પોર્ટન્ટ એ છે કે નવું કર્મ ન બંધાય; માટે ધિક્કાર ધિક્કાર, મારાથી ભૂલ થઈ ગઈ, આ ન થવું જોઈએ, કર્મના કારણે થઈ ગયું. હવે નહીં કરું, હવે નહીં કરું... અત્યંત સખેદ પ્રાર્થના, વિનંતી પરમ કૃપાળુ દેવ પાસે થવી જોઈએ.

કર્મ મોળા થશે તો જરૂર જરૂર ભવિષ્યમાં આત્મા જેમ ઈચ્છે છે એમ થશે જ.

સમકિતનું સરનામું



આત્મા છે; આત્મા છે એટલે કે મારો આત્મા છે, હું આત્મા છું. ગમે તે પ્રકારે, ગમે તેમ કરીને આટલું નક્કી કરવાનું છે, સમજવાનું છે અને અનુભવવાનું છે કે મારું અસ્તિત્વ એ જ આત્મા; જેમ ગમે તેવા કપડાં પહેરેલાં હોય, પરંતુ વ્યક્તિત્વ કે પોતાપણું, 'હું રમેશ છું' કે 'રમીલા છું' તે ભૂલાતું નથી. તેવી જ રીતે 'હું આત્મા છું' તે સ્વપ્નમાં પણ ન ભૂલાવું જોઈએ. ત્યારે આત્મા છે - હું આત્મા છું તે પદ સિદ્ધ થશે.

ગમે તે પ્રકારના કામ કરતા હોઈએ તો મનની અંદર 'હું આત્મા છું' એમ આત્માનું અસ્તિત્વ પાકું કરવાનું છે. દેહની અંદર કોઈ એવો પદાર્થ રહ્યો છે

મંત્રનું આરાધન કરો છો ત્યારે તમને ખબર છે 'હું આત્મા છું.' 'આત્માનો અનુભવ મને કરવો છે; એ પ્રાપ્ત કરવા માટે હું એકાગ્રતાથી એક પોઈન્ટ ઉપર દ્રષ્ટિ રાખી મંત્ર બોલું છું' આત્માની સમજણ છે તો આત્મા ચોક્કસ પ્રગટ થશે.

તે 'હું છું, હું છું.. આ દેહથી ભિન્ન હું આત્મા છું.'

જેમ નહાયા પછી કપડા બદલાવીએ છીએ પણ ખબર છે હું છું, એમ મનુષ્ય દેહથી જેટલાં કર્મો ભોગવાઈ જાય પછી મૃત્યુ થાય; ત્યાર પછી બાંધેલા શુભાશુભ કર્મોને ભોગવવા પાછું એને અનુરૂપ શરીર મળે છે.

દરેક સેકન્ડે સેકન્ડે જુદા જુદા જે કર્મ ઉદયમાં આવવાના છે એ ભોગવવા માટે આ શરીર મળેલું છે. અજ્ઞાન દશાની અંદર તો આ કર્મ ભોગવીએ જ છીએ; સાથે સાથે હાયવોય કરીને એવા બીજા નવા કર્મ બાંધીએ છીએ.

ગમે તે રીતે આત્માનું અસ્તિત્વ નક્કી થવું જોઈએ. એકાગ્રતાથી એક પોઈન્ટ ઉપર મટકું માર્યા વગર જોયા કરો. મનની અંદર મંત્ર બોલ્યા કરો 'હું આત્મા છું.' મંત્રનું આરાધન કરો છો ત્યારે તમને ખબર છે 'હું આત્મા છું.' 'આત્માનો અનુભવ મને કરવો છે; એ પ્રાપ્ત કરવા માટે હું એકાગ્રતાથી એક પોઈન્ટ ઉપર દ્રષ્ટિ રાખી મંત્ર બોલું છું' આત્માની સમજણ છે તો આત્મા ચોક્કસ પ્રગટ થશે.

આત્મા અરૂપી (અદ્રશ્ય), અગમ્ય (સહજ રીતે સમજવામાં ન આવે), અગોચર પદાર્થ છે. કોના માટે ? અભવિ જીવ માટે, સામાન્ય વ્યક્તિ માટે. કારણ કે અગમ્ય, અરૂપી, અચિંત્ય ને શોધવાનો વિચાર માત્ર થયો નથી અને થયો હોય તો અનેક ઉપાયે શોધ્યો નથી, કર્યો નથી.

જેની પાસે વિચારશક્તિ રહેલી છે, સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે ઊંડા વિચાર કરી શકે છે એની માટે તો સહજ, સુગમ, સરળ એવો આત્મા ચોક્કસ છે. તમારે નક્કી કરવાનું છે કે તમે કેવા છો ?

કોઈને ભૂત માટે કહીએ તો કહેશે હું ભૂતમાં માનતો નથી, ભૂત જેવું કંઈ હોતું જ નથી. બધા કલ્પનાથી ભૂત, ભૂત કરે છે પણ હું એમાં માનતો નથી. પણ ક્યાંક કોઈની પાસે સાંભળેલું છે કે અહીં ભૂત બંગલો છે. ૨૫ વર્ષથી ભૂતનું નામ નથી લીધું પણ જ્યારે ત્યાંથી જવાનું થાય તો જૂની શ્રદ્ધા હાજર થઈ જાય અને હનુમાન ચાલીસા, ગાયત્રીમંત્ર કે નવકાર મંત્ર શરૂ થઈ જાય.

શું આપણને આત્મા માટે આવી શ્રદ્ધા છે ? ભૂતની ધ્રુજારી થાય તેમ આત્માનો કંઈક અનુસાર થાય, અનુભવ થાય તો તરત જ પાર વગરનો આનંદ થાય. પોતાના આત્માની ખબર ન પડે, એ કેવી રીતે પોસીબલ છે ? તમારા શરીરમાં તમારો આત્મા છે, એના ઉપર કોઈ દિવસ વિચાર જ નથી કર્યો. વિચાર કરીએ તો એ આત્મા ચોક્કસ ચોક્કસ કેમ હાજર ન થાય ?

પોતાનું નામ પોતાની મેળે આપણે વર્ષો સુધી બોલતા નથી; પણ ઘસઘસાટ ઊંઘમાં સુતેલા હોઈએ અને કોઈ નામ લઈને ઉઠાડે તો ફટાકથી ઊઠી જઈએ છીએ. એવી રીતે આત્માનું રટણ પણ ક્યારેય કરેલું નથી માટે કરવાનું છે અને એ અત્યંત સહજ થવું જોઈએ.

જ્ઞાની પુરુષ કંઈ કહે અને ન સમજાતું હોય અને ૧૦૦ ટકા ખોટું લાગતું હોય તો પણ જ્ઞાની પુરુષે જે કંઈ કહ્યું છે એ સાચું જ છે, એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી નિરંતર એના વિચાર ચાલવા જોઈએ.

આમ કરવામાં બાળક જેવી સરળતા પ્રાપ્ત થવી જોઈએ. નાના બાળકને મા કે બાપ જણાવે તે વાત ત્રણેય કાળને માટે સત્ય લાગે અને સાંભળતાની સાથે જ હૃદયમાં સ્થિત થઈ જાય કે વાત સાચી છે.

બાળક ક્યારેય મા-બાપ પાસે પ્રમાણ નથી માંગતું, શાસ્ત્રના સંદર્ભ કે ઉલ્લેખ પણ નથી માગતું. પરંતુ શ્રદ્ધાથી હા કહે છે અને અંતરમાં વાત સ્થિત કરે છે.

પરમાર્થે આપણે બધા બાળક જ છીએ, પ્રી-પ્રાયમરીથી નીચી કક્ષામાં આપણે છીએ છતાં જ્ઞાની મળે તો પ્રુફ માંગીએ, કાં શાસ્ત્રોના રેફરંન્સ માંગીએ. આ રીતે વર્તવામાં આવે તો ત્રણેય કાળમાં કંઈ પ્રાપ્ત ન થઈ શકે. પણ બાળકની જેમ જ્ઞાની જે કહે છે એ તરત જ માની લેવામાં આવે તો કલ્યાણનું કારણ ચોક્કસ થાય.

જ્ઞાની પુરુષ કંઈ કહે અને ન સમજાતું હોય અને ૧૦૦ ટકા ખોટું લાગતું હોય તો પણ જ્ઞાની પુરુષે જે કંઈ કહ્યું છે એ સાચું જ છે, એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી નિરંતર એના વિચાર ચાલવા જોઈએ.

'મહાવીર ત્યાગી હતાં જ નહીં' એ માનવામાં ન આવે છતાં એનું ચિંતન થવું જોઈએ. એક એક શબ્દ ઉપર ૨-૨ ૧/૨ કલાક ચિંતન થાય તો આત્માથી એ શબ્દનો અર્થ વિશેષ સમજાશે. જ્ઞાનીની વાતને માની તે કેવી રીતે સાચી છે તે વિચારવાનું છે. પણ કેવી રીતે સાચી છે એમ બોલી, વિચારી પ્રમાણ માંગવાના હોતા નથી. આ જગ્યાએ આપણો આત્મા આપણને જવાબ આપશે કે 'હું જ આત્મા છું.'

જે જે વચનો કહેવામાં આવે છે એ હૃદયમાં ઉતરી જાય, એ વચનોનું નોટીંગ થાય અને જેમ કહ્યું છે એમ એની પ્રેક્ટીસ થાય તો આત્મજ્ઞાન અઘરું નથી. આપણી અનાદિકાળની કેવી કેવી ભૂલો છે જે ભૂલોનાં કારણે અત્યાર સુધી આત્મજ્ઞાન થયું નથી. એક એક ભૂલોનો વિચાર કરશું અને તે ભૂલ સુધરશે તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ સંભવિત છે.

જો આપણા વિચારને દિશા અને ગતિ મળે તો આ અવાજ સાંભળ્યા પછી આત્મા ક્યાં છે તે શોધવાની સુગમતા રહે, વૈજ્ઞાનિક પ્રમાણ મળે.

સંસારના ગમે તેવા કામમાં બીઝી રહેતા હોઈએ પણ દીનચર્યાની નોટીંગ કરો તો પુરુષાર્થ કરવા માટે ૧ ૧/૨-૨ કલાકનો સમય મળી રહેશે. અહીં કોઈ ક્રિયા કરવાની નથી, ફક્ત વિચાર કરવાના છે, જે બીજા કાર્યો સાથે ચાલી શકે છે, અને આત્મા સહજ પ્રાપ્ત થઈ શકે. ◆

નોંધ : પૂજ્યશ્રી દ્વારા વિવેચીત 'સમકિતનું સરનામું'નું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

मूल मार्ग रहस्य

तीर्थंकरने आत्मा की जो व्याख्या दी है, उस व्याख्या को अनुभव से जानना, वही ''ज्ञान'' है। जो कुछ जाना है, उस पर जितना बलवान विश्वास कि, जो वस्तु अनुभव से मैंने जानी है, यही आत्मा का १०० प्रतीशत सच्चा अनुभव है उसका नाम ''दर्शन'' है।

''चारित्र के लिए कोई पुरुषार्थ नहीं हो सकता'' यह वाक्य बिलकुल गलत लगेगा क्योंकि आज तो प्रत्येक लोग 'दीक्षा' ली हो उसे चारित्र समझतें हैं। दीक्षा लेने के पश्चात कषाय राग-द्वेष चाहे जितने भी चलते हो तो भी कहा जाता है कि इन्होंने ''चारित्र'' लिया है। इसके अलावा आत्मा प्राप्त करने के लिए अनेक अनुष्ठान क्रियाएँ की जाती है। आत्मा प्राप्त करने के लिए जो जो साधन कहें हैं, उन साधनों को धर्म समझकर ये क्रियाएँ जैसे छोटे - बड़े व्रत-तप वगैरह जो करते हैं, उसे ही आज ''चारित्र'' कहा जाता है।

आज अधिकांश लोग रात्री भोजन त्याग, कंदमूल त्याग तक ही पहुँचे हैं और यही धर्म है, यही चारित्र है ऐसा समझतें हैं, उससे विशेष समझ नहीं होती। और उसे ही ''चारित्र'' कहा जाता है।

अब ''चारित्र'' यह है कि अत्यंत बलवानरुप से जो आपकी समझ में है, उस प्रकार का वर्तन समय सहजता से अपने आप हो जाये, करना न पडे।

उदाहरण के तौर पर कईबार कहा है कि मानो यहाँ अचानक आग लगे और यह दोनो दरवाजे बंद है और एक ही खुल्ला है, तो इस समय चारित्र हाज़िर होगा ही। यह समझ है कि आग से जल जाएंगे, तो वर्तन के लिए कोई शास्त्र नही पढ़ना है कि आग लगी है, तो किस तरह बाहर निकले। वर्तन सहजता से हो जाता है।

पाँच महाव्रत जैनों को पालन करने ही है, झूठ न बोलना वि.। लेकिन अपनी समझ से हर एक इस पाँच महाअव्रत का नियम से पालन करते हैं। बहुत ही अच्छी तरह से ये पाँच महाव्रत समझ में आ गए हैं, तो चारित्र के लिए कुछ करना नहीं पड़ता, ऑटोमेटीक (सहजासहज) ही चारित्र वहां हाज़िर हो जाता है।

उदाहरण के तौर पर झूठ बोलना। आज एक भी व्यक्ति ऐसा नही होगा कि जो झूठ न बोलते हो, व्यापार में होंगे, स्कूल या कोलेज में पढ़ते होंगे, दारु

''चारित्र'' यह है कि अत्यंत बलवानरुप से जो आपकी समझ में है, उस प्रकार का वर्तन हरेक समय सहजता से अपने आप हो जाय, करना न पडे।

आत्मा का आंशिक अनुभव हो जाने के बाद जीव को अवश्य लगता है कि जगत में दो पदार्थ है - एक चेतन है, दूसरा जड़ है, इसके अलावा कोई पदार्थ है ही नहीं।

या सिगरेट छिपकर पीते होंगे। जब महा अव्रत कहते हैं तब झूठ बोलना उसमें बहुत फायदा है ऐसी जब हमारी समझ है और अगर समझ बराबर है तो चारित्र में है, उसके लिए कोई पुरुषार्थ नहीं करना पडता है।

पाँच महाव्रत में से परिग्रह बुद्धि कहें, तो कौन सा जीव 'यह मेरा है,' ऐसा कहकर कोई वस्तु को पकडता नहीं? कोई एक जैन ऐसा खोज के दो जो संसार में ऐसा कहें कि, 'मेरा कुछ भी नहीं, यह सब कर्म के उदय के कारण है, मैं सिर्फ चेतन हूँ।' परिग्रह बुद्धि कहें तो छोटी - बड़ी चीझों का संग्रह करके रखते हैं। अलमारी खोलकर देखो, किंमती साडीयाँ होंगी, कपडे होंगे जिसे सालों से नहीं पहने है और उसमें दाग भी पडे होंगे, कलर बदल गया होगा। उसी तरह दुसरी बहुत सी चीझें होंगी जिसका सालों तक आपने उपयोग भी नहीं किया होगा तो भी अलमारी में रखी होगी। बहुत से लोग स्टोररुम में लकडा कहें, टाइल्स कहें, संभाल के रखतें हैं। दस साल तक घर की टाइल्स उखडनेवाली नहीं, लेकिन ये अंदर ही पडी रहती है। सभी पाँच महाअव्रत हम बलवानरुप से समझते हैं, श्रद्धा से मानते है, तो उस प्रकार से वर्तन करते है न!

आत्मा का आंशिक अनुभव हो जाने के बाद जीव को अवश्य लगता है कि जगत में दो पदार्थ है - एक चेतन है, दूसरा जड़ है, इसके अलावा कोई पदार्थ है ही नहीं। हम चेतन है, तो ब्रह्मांड के बाकी सभी पदार्थ जड है। अब अगर इतना ज्ञान आ जाये और आत्मा का वैभव, ऐश्वर्य क्या है यह समझमें आ जाये कि परम आत्मा जो चाहे, सब हो सकता है। तो हमारे पास भी आत्मा है, हम भी परम आत्मा बन सकतें हैं।

लेकिन जीव को आज विश्वास ही नहीं कि महावीर ने जो कहा है वह सच है, उसे मानने की तैयारी ही नहीं। और जिसके पास बहुत सारी डिग्री है, जो बडे डोक्टर या सायंटिस्ट हैं, उन्हें ऐसा ही लगता है कि मेरी बुद्धि के आगे सर्वज्ञ की बुद्धि कुछ है ही नहीं। यहाँ कहने का आशय यह है कि, सर्वज्ञ पुरुषों ने ये सब व्याख्याएँ दी हैं। अब ज्ञान और दर्शन का अर्थ हम गलत समझते है। बड़े पुरुषो से सुने होंगे, मैंने भी सुने हैं। यानि बड़े पुरुषों के दर्शन करें उसका नाम 'दर्शन,' और अच्छा प्रवचन (भाषण) दें सके उसका नाम 'ज्ञान', यह दोनों गलत है। पंचमहाव्रत का पालन सब करते हैं लेकिन ज्ञान और दर्शन गलत है, इसलिए पाँच व्रत नहीं, अव्रत है। **क्रमशः**

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के मूल मार्ग रहस्य के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

Vachanamrut Letter 37

Mumbai Port, AasoVad 2, Thursday, 1944

SALUTATIONS TO PARSHWANATH PARMATMA

Dear Truthaspiring Brother Ujamsi,

Rajnagar,

I received your nice handwritten letter yesterday evening. Your quest for truth was extremely satisfying.

Infinite attempts to appear good to the world have been made but have not yielded any results because this cycle of birth and death as well as its causes still exist…..

Param Krupaludev's letter to Juthabhai (who's end is near) aptly explains what efforts can be made practically in a short span of time to achieve self-realization.

Infinite attempts to appear good to the world have been made but they have not yielded any results…

Those constantly in worldly thoughts always like to impress others as to how good they are, "they are something" which is nothing but pride, vanity. Since time immemorial, we are in this trans migratory cycle and in all our past lives and, in this life, too have tried to impress others. Having made such attempts, we have not received any benefits but on the contrary, they have harmed us. Whilst reading any letter of Param Krupaludev, we should think as if the same is addressed by Him to us and it will definitely be a reason for the wellbeing of our soul. Think about how, on each occasion, be it at a wedding or anywhere else, what all we do to make an impression on others.

because this cycle of birth and death as well as its causes still exist.

Which is the most important reason for this cycle of birth and death? Negativities such as likes-dislikes, pride, anger, conceit, greed and several such other thoughts. In spite of entertaining intense hatred for others, we lament on others' faults and become unhappy. Introspection will reveal, it is nothing but an inflation our ego. For an aspirant on the spiritual path, whenever such situations arise, letting go is the biggest effort, which is penance in the true sense and is better than keeping many fasts. Since infinite ages the soul is behaving in a way that karm bondages are created and, in this human life, it is ignorant about the places (being born in

Think about how, on each occasion, be it at a wedding or anywhere else, what all we do to make an impression on others.

For an aspirant on the spiritual path, whenever difficult situations arise due to others, letting go is the biggest effort, which is penance in the true sense and is better than keeping many fasts.

hell or as an animal etc.) where he has been and keeps behaving in the same way. Whenever through others, we face difficulties, causes for unhappiness, at that time, without any sort of reaction, we should bear up with it and if we think of it as the result of our own past karm, it will lead to shedding of that karm. Otherwise, it will result in enormus bondage of karm.

Even if one birth is spent for the upliftment of the soul, it will recompense for infinite lifetimes; this is my humble understanding and all my activities are directed towards it.

Param Krupaludev says that even if we have been in this transmigratory cycle, in this very birth, if we work for the upliftment of the soul, it is possible to eradicate all our faults and negativities (karmas) and they do get eradicated. The question is how? *Even if one birth is spent for the upliftment of the soul, it will recompense for infinite lifetimes.* Make a firm resolution, keep repeating this sentence and it will yield results, the soul will ingrain it upon itself and remember it in future lives. After 1-2 lives, these karmas will get activated but they will get shed and can't remain on soul for long, if a firm resolution is made. In such manner that the causes for transmigration get cancelled.

In the process of being free from this massive bondage, I would adopt the best of tools or means and that is my belief. Then, why bother whether it is favourable or unfavourable to the world?

Since time immemorial, we are constantly creating karm bondage for us. While bearing the past karm, at that very moment, we again form a similar new karm and get bound. We now ought to decide as to which means or tools are necessary for the upliftment of our soul. Contemplating thus, it will be realized that the world itself is the biggest impediment for the benefit of our soul. The enjoyments through the five senses, eyes, nose, ears, tongue and skin should be given up by partaking less food, sleep and generally leading a disciplined life. The objects which attract us are delusive and all our activities in this world are causes of this massive karm bondage. Starting to practice from today itself to act contrary to all this will habituate us in next 2-4 lives and ultimately shed the bondage.


In this manner, Param krupaludev gives us guidance in the most practical way. Any activity performed without purpose is futile.

Aum Shanti: Shanti: Shanti:

To be continued.

Note: This edited version of Param Pujya Premacharyji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan.

કુમાર કાળ



પાછલાં અંકમાં આપણે જોયું કે બળવાન સ્મૃતિ અને તીક્ષ્ણ અવલોકનને આધારે શ્રીમદ્દે અષ્ટાવધાનથી શરૂઆત કરી, ઠેઠ શતાવધાની સુધીની સફર અદમ્ય આત્મવિશ્વાસ સહ કરી. તદ્ઉપરાંત જ્યોતિષનું પણ જ્ઞાન ગ્રહી, એક પ્રખર નામાંકિત જ્યોતિષ તરીકે સમાજમાં અગ્ર સ્થાને ઉભરી આવ્યા. પરંતુ આપણે માટે તો એ વાત વિચારવા અને આદરવા જેવી છે કે નાની ઉંમરે આ પ્રકારની સફળતા-ખ્યાતિ મેળવ્યા છતાં, વિદેશ જઈ અઢળક ધન કમાવાની તક છતાં, તેઓશ્રી તેમાં લેપાયા વગર, અત્યંત સહજપણે આ બન્ને વસ્તુ ત્યાગી દીધી અને આત્મજ્ઞાન અને આત્માના ઉદ્ધાર પાછળ પડી ગયા ! અહો !

શ્રીમદ્ બાળપણથી જ અંતર્મુખ વ્યક્તિત્વ ધરાવતાં અને કુમાર કાળે વિચાર-મંથને જોર પકડ્યું. તેઓશ્રીની વિચાર શક્તિ વધુ તીવ્ર, ઠરેલ અને ગંભીર બનતી ચાલી. નાની ઉંમરે તેમણે દાર્શનિક ગ્રંથો વાંચ્યા અને ધર્મજ્ઞાન મૂળ ગ્રંથોમાંથી ગ્રહણ કર્યું.

''વીરના કહેલાં શાસ્ત્રોમાં સોનેરી વચનો છૂટક છૂટક અને ગુપ્ત છે.

ઉત્તરાધ્યયન નામનું જૈન સૂત્ર તત્વદ્રષ્ટિએ પુનઃ પુનઃ અવલોકો..'' (૧૭ વર્ષ પહેલાની નોંધ)

વિચારો પરિપક્વ થતાં તેને પ્રગટરૂપ આપવાની ભાવના તેમનામાં જાગી અને કવિતાઓ, પુસ્તકો લખવા તેઓ પ્રેરાયા. વળી તે કાળના જૈન આચાર-વિચાર અને મૂળ સિદ્ધાંતોમાં મોટો ફેર લાગતાં, પરસ્પર આચાર્યોના મતભેદ વિગેરે કારણે તેમનો કરૂણાદ્ર આત્મા દુઃખી થતો. ઉપરાંત અંગ્રેજી શાસનને લીધે લોકોમાં ધર્મવૃત્તિ ઓછી થતી દેખી અયોગ્ય પુસ્તકો વાંચવામાં સમય વેડફાઈ જતાં સરળ પુસ્તકો લખવાની વૃત્તી જાગી.

બાળકથી વૃદ્ધ સુધીના સર્વેને ઉપયોગી થાય એવો એક પદ્ય ગ્રંથ ''મોક્ષસુબોધ'' રચવાની શરૂઆત શ્રીમદ્ વિ.સ. ૧૯૪૦ પહેલાં કરી હતી જે અપૂર્ણ રહ્યો. સર્વ સાધારણને આ ગ્રંથ સમજવામાં કઠણ પડે એ માટે કદાચ શ્રીમદ્ આ ગ્રંથ અપૂર્ણ રાખ્યો હોય. તેવી જ રીતે ''મુનિ સમાગમ'' નામનો ગદ્યલેખ પણ અપૂર્ણ છોડ્યો હતો.

વિ.સં. ૧૯૪૦માં સ્થાનકવાસી સંપ્રદાયના ૩ મહાસતીજીઓ શ્રીમદ્ની ધર્મવાર્તાથી ખૂબ પ્રસન્ન થયાં હતાં અને કહ્યું હતું કે જૈનના અર્ધમાગધી ભાષામાં લખાયેલાં સૂત્રો, સામાયિક, પ્રતિક્રમણના પાઠો પણ બરોબર સમજાતા ન હોવાથી અમને જ્ઞાન મળી શકે એવો ઉપાય કરો. મહાસતીજી વવાણિયા ઝાઝું રોકાવાના ન હોવાથી શ્રીમદ્ ફક્ત ત્રણ જ દિવસમાં ''મોક્ષમાળા'' રચી. બાલાવબોધરૂપ મોક્ષમાળામાં ૧૦૮ શિક્ષાપાઠ છે જેમાં ઉત્તરાધ્યયન સૂત્રનો પડઘો પડે છે. તે રચવાનો હેતુ, તેની ઉપયોગીતા અને ગ્રંથને સમજવાની ચાવી બતાવતાં તેઓશ્રી લખે છે કે -

''એક પાઠ વાંચી ગયા પછી અર્ધ ઘડી તે પર વિચાર કરી અંતઃકરણને પૂછવું કે, શું તાત્પર્ય મળ્યું ?'' તે તાત્પર્યમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેય શું છે ? એમ કરવાથી આખો ગ્રંથ સમજી શકાશે, હૃદય કોમળ થશે, વિચારશક્તિ ખીલશે અને જૈન તત્વ પર રૂડી શ્રદ્ધા થશે.''

વિચાર ખીલવવા માટે વાંચન ખૂબ જરૂરી છે એ તો સામાન્ય સમજણ સર્વેની હોય પરંતુ પરમાર્થે આગળ વધવા કઈ રીતે વાંચવું એની ઉત્તમ શિક્ષા શ્રીમદ્ના ઉપરના વચનો દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. ઓછું વાંચવું પણ વધુ વિચારવું એ ભૂલી જઈ લગભગ બધા જ વધુ વાચવું અને ઓછું અથવા નહીંવત્ વિચારવુંની કક્ષામાં આવતા હશે. વાંચનની ઝડપ વધુ મહત્વની કે ધીમી સમજણની ? શ્રીમદ્ બતાવેલી વાંચનની રીત જો યથાર્થપણે આચરણમાં મૂકીએ તો અવશ્ય જ્ઞાનાવરણીય કર્મો મંદ પડવા લાગે, મન અને બુદ્ધિ તેમાં રોકાયેલા રહે અને વિચારશક્તિ ખીલે. ૧૬ વર્ષની ઉંમરે શ્રીમદ્ની સૂઝ કેવી! વળી દરેક પાઠ નાના નાના એટલે વિચારવાનો, સમજવાનો પુરો અવકાશ મળે.

મોક્ષમાળા વિશે તેઓશ્રી કહે છે કે -

''બહુ ઊંડા ઉતરતા આ મોક્ષમાળા મોક્ષના કારણરૂપ થઈ પડશે! મધ્યસ્થતાથી એમાં તત્વજ્ઞાન અને શીલ બોધવાનો ઉદ્દેશ છે.''

જેવી રીતે તેઓશ્રીએ પત્રાંક ૭૬માં ૧૫ ભવમાં મોક્ષની બાંહેધરી આપી છે, તેવી જ કંઈક ખાતરી આ શબ્દોમાં પણ જોવા મળે છે - પણ બન્ને જગ્યાએ અમુક શરતો છે એ લક્ષ રહેવો જોઈએ.

પોતાના વચનો ઉપર તેમનો આત્મવિશ્વાસ કેવો અદમ્ય અને તેઓશ્રીનો વચન અતિશય કેવો ઝળહળે છે! વળી મધ્યસ્થતાની વાત ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે તેમણે સિદ્ધાંતોને કેટલા ઊંડાણ, તીક્ષણતા ભેદે અને કેટલી માત્રામાં વિચાર્યા હશે !

મોક્ષમાળાનું મહત્વ તેઓશ્રીને મન કેટલું ઉંચું હશે કે વિ.સં. ૧૯૫૫માં ઉપદેશ નોંધ ૭માં લખે છે,

''... જૈન માર્ગને યથાર્થ સમજાવવા તેમાં પ્રયાસ કર્યો છે. જિનોક્ત માર્ગથી કંઈપણ ન્યૂનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગ માર્ગ પર અબાલ વૃદ્ધની રૂચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બીજ હૃદયમાં રોપાય તેવા હેતુથી બાલાવબોધરૂપ યોજના તેની કરી છે...

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?

કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?

એ પર જીવ વિચાર કરે તો તેને નવ તત્વનો, તત્વજ્ઞાનનો સંપૂર્ણ બોધ મળી જાય એમ છે. એમાં તત્વજ્ઞાન સંપૂર્ણ સમાવેશ પામે છે. શાંતિપૂર્વક, વિવેકથી વિચારવું જોઈએ.''

ધર્મના ઘણા શાસ્ત્રોક્ત શબ્દોના સરળ અર્થો મોક્ષમાળામાં જોવા મળશે તથા સામાન્ય જનને આકર્ષણ કરનાર કથા તત્વનો ઉપયોગ પણ તેમણે સુંદરતાથી કર્યો છે. કયા ગુણો ગ્રહવા અને ક્યા દોષો છોડવા એ દ્રષ્ટાંતો અને વાર્તાઓ દ્વારા સરળતાથી ગળે ઉતરી જાય. ઉપરાંત કેટલાક સિદ્ધાંતોની સમજણ આપવા સંવાદો અને સુવાક્યોની રચના પણ મોક્ષમાળામાં જોવા મળે છે. પણ સૌથી હૃદયસ્પર્શી તો તેમાં રહેલ ભક્તિ પદો છે અને તે સર્વેમાં ''અમૂલ્ય તત્વવિચાર'' તો રાજમુગટની જેમ શોભે છે.

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ''શ્રીમદ્ રાજચંદ્ર જીવન કળામાં'' લખે છે -

''એક પ્રૌઢ અનુભવી કેળવણીકાર જેમ પોતાની પહેલાંના જમાનાનો વિચાર કરી પૂર્વે થઈ ગયેલા કેળવણીકારોના અનુભવ લક્ષમાં લઈ, પોતાના જમાનાની જરૂરિયાતો તથા ભાવિ જમાનાઓની જરૂરિયાતો ઉપર પહોંચે તેટલી દીર્ઘ - દ્રષ્ટિ મૂકી, માનવ સ્વભાવને લક્ષમાં લઈને માર્ગદર્શક ગ્રંથો ગૂંથે તથા શિક્ષણ પદ્ધતિ યોજે, તેથી પણ વિશેષ યોગ્યતા અને વિશેષ દીર્ઘ દ્રષ્ટિથી શ્રીમદ્ મોક્ષમાળાની યોજના વિચારી. વિચારશક્તિનો પ્રવાહ કઈ દિશામાં વાળવો હિતકારી છે ? શું વિચારવાથી પોતાને અને પરને ઉપકારી જીવન તે ગાળી શકે ? મનુષ્યજન્મની મહત્તા અને સફળતા સમજવા તથા સાધવા તેમણે કેમ વર્તવું ? પામેલો મનુષ્યભવ હારી જવાય તેવી ભૂલવણીનાં ક્યાં સ્થાનકો છે અને તે કેમ તજવા ? આદિ અનેક પ્રશ્નોના ઉકેલરૂપે કે મનુષ્યધર્મ અથવા આત્મધર્મની ઓળખાણ કરાવવા મોક્ષમાળાની તેઓએ સંકલના વિચારી ત્વરાથી તેની શરૂઆત કરી ત્રણ દિવસમાં જ પ્રથમ પુસ્તક તૈયાર કરી જનસમાજને તેનો લાભ લેવા જાહેર કરેલું. તેનો લાભ લેવા અગાઉથી ગ્રાહકો પણ મળી આવેલાં, પણ તે જમાનામાં છાપખાનાની અનુકૂળતા હાલના જેટલી નહીં તથા અન્ય પરાધીન પ્રસંગોને વશ પુસ્તક છપાતાં ઢીલ થઈ અને લગભગ બસો પાનાનું પુસ્તક છપાઈને તૈયાર થઈ જતાં ઘણો વખત લાગશે તેથી ગ્રાહકો અધીરા સ્વભાવથી અકળાશે એમ પોતાને સમજાયાથી પચાસ પાનાનું એક નવું પુસ્તક રચી 'ભાવનાબોધ' નામે પ્રથમ પ્રસિદ્ધ કરી અગાઉથી મદદ કરનાર ગ્રાહકોને ભેટ તરીકે આપ્યું. સોળ સત્તર વર્ષની ઉંમરમાં કેટલી કાર્યકુશળતા તથા જવાબદારીનું ભાન તેમને હતું તેનો આ અચૂક પુરાવો છે.''

વૈરાગ્ય તરફ જીવને વાળતી તથા વૈરાગ્યને દ્રઢ કરતી ૧૨ ભાવના; અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, બોધદુર્લભ અને ધર્મદુર્લભ સામાન્ય જન સમજી શકે તેવી સરળ ભાષામાં ''ભાવનાબોધ''માં જોવા મળે છે.

''ભાવનાબોધ'' અને ''મોક્ષમાળા'' સિવાય બીજી કેટલીક ગદ્ય અને પદ્ય કૃતિઓની રચના શ્રીમદ્દે કરેલ, જેમાં અમુક પૂર્ણ અને અમુક અપૂર્ણ સ્વરૂપમાં ઉપલબ્ધ થાય છે.

- ૦ સ્ત્રીનીતિ બોધક - વિભાગ ૧
- ૦ ધર્મેતર તથા ધર્મને લગતી લગભગ ૨૨ જેટલી રચનાઓ
- ૦ અવધાન સમયે રચેલી લગભગ ૪૦ જેટલી રચનાઓ
- ૦ રત્નકરંડશ્રાવકાચારમાંથી અનુવાદ
- ૦ દ્વાદશાનુપ્રેક્ષા
- ૦ ઉત્તરાધ્યયન સૂત્ર - ૩૬મા અધ્યયનમાંથી અનુવાદ
- ૦ જીવાજીવવિભક્તિ
- ૦ મુનિસમાગમ - લેખ
- ૦ સ્વરોદયજ્ઞાન
- ૦ પરની ટીકા
- ૦ જીવતત્વ સંબંધી વિચાર
- ૦ પુષ્પમાળા
- ૦ ૭૦૦ મહાનીતિ વાક્યો
- ૦ વચનામૃત
- ૦ બોધ વચનો

શ્રીમદ્ પરમ કૃપાળુદેવના અંતરમાં કેવી ભાવનાઓ, વિચારો વિગેરે તે ઉંમરે ચાલતા હશે એનો કંઈક અંદાજ આપણને અહીં આપેલ માહિતી ઉપરથી મળે છે. વિચાર શક્તિ, લેખન શક્તિ, કવિત્વ શક્તિ, વિગેરે કેવી ખીલી છે ! ◆ (ક્રમશ)

પ્રત્યક્ષ સત્પુરુષની અપરંપાર કૃપા



■ **પારૂલ ગાંધી,** કોલકાતા

પ્રત્યક્ષ સત્પુરુષ જીવને મળે ત્યારે જીવમાં કેટલા બધા ફેરફાર થાય છે. જેમ શ્રી ગૌતમસ્વામી ને શ્રી મહાવીર સ્વામી મળ્યા, જેમ શ્રી સોભાગભાઈને પરમ કૃપાળુ દેવ મળ્યાપછી મોક્ષ માર્ગે તેમનો પુરુષાર્થ કેટલો બધો આગળ વધ્યો

પ્રત્યક્ષ સત્પુરુષ જીવ પાસે સાચો પુરુષાર્થ સાચી રીતે કરાવી શકે છે. જ્યારે હું પરમ પૂજ્ય પપ્પાજીને મળી ત્યારે તેઓ એક અદભૂત વ્યક્તિત્વ ધરાવતા બિઝનેશમેન હતાં છતાં પણ કંઈક અજીબ ચમક તેમની મુખમુદ્રામાં હતી અને કંઈક ખેંચાણ તેમના વચનોમાં હતો. દેખાવમાં સાધારણ લાગતા વ્યક્તિ જેવા પણ હતું બધું જ અસાધારણ. તેમની આંખોની ચમક અને વ્યક્તિત્વ જોઈને આપણને શીતળતાનો અનુભવ થાય. આ કાળમાં આવી વ્યક્તિ મારા જીવનમાં મેં કોઈવાર જોઈ નથી એવું મને લાગ્યું.

આમ તો બધી વ્યક્તિઓની જેમ જ તે બોલે છે, હસે છે, ચાલે છે, ખાય છે, પીવે છે, સુવે છે છતાં પણ બધી જ ક્રિયાઓમાં ફરક દેખાતો હતો. બધીજ ક્રિયાઓમાં નિઃસ્પૃહતા, અલિપ્તપણુ, અગાધ ધીરજ અને પૂર્ણ પ્રેમ દેખાય. છતાં પણ કોઈપણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે મોહ કે આસક્તિભાવ નહીં

પહેલેથી જ આત્મમય રહેતા હોય તેવું ત્યારે પણ લાગતું હતું. માર્ગદર્શન પણ માત્ર આત્મા કેમ પ્રાપ્ત થાય તેનું જ આપે. સંસારમાં રહીને સંસારનાં કાર્ય કેવી રીતે અસંગતાથી કે નિંસ્પૃહતાથી, મારાપણાનાં ભાવ વગર કરી શકાય તે તેમના વર્તન ઉપરથી દેખાય. આપણને ચોક્કસ લાગે કે તેમણે સંસારનાં કોઈપણ પદાર્થને અંતરમાં વળગાડ્યો નથી, માત્ર ઉદયને જુએ અને જાણે છે.

આટલા વખતનાં પરિચયમાં કોઈપણ વખતે મેં તેમને ઉતાવળ કરતાં, હડબડાટ કરતાં કે ચંચળતામાં જોયા નથી. કોઈપણ સંજોગોમાં ઉદ્વેગ નહીં, મનમાં અધીરાઈ નહીં, વચનમાં પણ નહીં. સત્સંગ આપતા ક્યારેય કોઈ ઉદ્વેગ કે આવેશ નહીં, એક્સાઈટમેન્ટ નહીં કાયાથી કોઈ હાવભાવ નહીં. આકુળતા વ્યાકુળતા કે થાક તેમનાં મુખ ઉપર ક્યારેય જોયા નથી. હંમેશા દિવ્ય પ્રફુલ્લીતતામાં હોય, અખંડ શાંતિમાં જ હોય. શાંતિ કોને કહેવાય તે પણ મને તેમને જોઈને સમજાણું.

આટલા વર્ષોમાં લગભગ ફોનમાં જ તેમની સાથે વાત થઈ છે. મળવાનું તો બહુ જ ઓછું થયું છે છતાં પણ તેમના વચનબળે બધુ આપોઆપ ગોઠવાઈ જાય છે. ક્યારેય પૂજ્યશ્રી દૂર છે એવું લાગતું જ નથી.

શરૂઆતમાં મને છ પદનો પત્ર વાંચવા કહ્યું. મેં તેનું ઘણું વિવેચન નોટમાં લખ્યું. ત્યારબાદ તેઓશ્રી કલકતા આવ્યા ત્યારે ''છ પદનો પત્ર'' સમજાવ્યો. જ્યારે એમનાં મુખેથી વિવેચન સાંભળ્યું ત્યારે મને ખબર પડી કે મને કંઈ સમજાણું નથી.

તેઓ આપણી પાસે હોય કે દૂર હોય, આપણા આત્માનું નિરંતર નિરીક્ષણ કરે છે. પરીક્ષા પણ દરેક સમયે લઈ લે છે અને માનનાં ભૂક્કા બોલાવે છે. એક મિનિટ માટે પણ જો એમની સાથે ફોનમાં વાત કરી હોય તો પણ પરીક્ષા લેવાઈ ગઈ હોય જેની જીવને પાછળથી ખબર પડે.

દોષો થતાં દેખાડે અને કઢાવે. ૬-૧૨ મહિને એકવાર સમાગમ મળે ત્યારે પણ કંઈ પણ બોલ્યા વગર એ બધું જ સમજાવી જાય. મળ્યા વગર એ બધું બદલાવી જાય છે. એમને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ લાગુ પડતા નથી. જ્યાં મારા ભાવ હાજર છે ત્યાં તેઓશ્રી પણ હાજર જ છે.

ભગવાનને દેહ તો એક જ હોય છે પણ દ્રષ્ટિ હજારો-લાખો જીવો ઉપર હોય છે. પ્રેમનાં તાંતણેથી બધાને તેઓ હૃદયથી જોડી રાખે છે. ડાયરેક્ટ કનેક્શનથી દોષો દૂર કરાવે છે, પુરુષાર્થ કરાવે છે. જૂદી જૂદી આપણને ન ગમે તેવી આજ્ઞા આપે છે. એ આજ્ઞા પાળવાથી જીવને ખબર પણ નથી પડતી અને તેનું અનંત પરિભ્રમણ ટળી જાય છે. તેઓ સંસાર ગાળી નાખે છે, ઉખેડી નાખે છે. જીવને મોક્ષનાં દરવાજે ઊભો કરી દે છે. આટલી બધી સમર્થતા છતાં આ કળીકાળમાં તેમની ઓળખાણ થવી મુશ્કેલ છે. કારણ કે કંઈ માન નહીં, પોતાપણું નહીં, ''હું ગુરુ છું'' એવો ભાવ પણ નહીં, માત્ર સાચા માર્ગદર્શક બનીને દરેક જીવને તેનાં કર્મ પ્રમાણે જૂદું જૂદું માર્ગદર્શન આપી આત્મજ્ઞાનની સમજણ આપે છે. કર્મને કેન્સલ કરવાની રીતો બતાવે છે.

જીવને અનંતકાળનાં અંધારામાંથી બહાર લાવીને જ્ઞાનનો પ્રકાશ દેખાડે છે એવા શ્રી પરમ પૂજ્યશ્રીને આપણા બધાનાં સમય સમયના વંદન હો...

ઉત્સાહી ગીત

પરમ પૂજ્ય પપ્પાજીની ઉત્સાહી કોર્સના વાંચન માટેની આજ્ઞાના આધાર ઉપરનું આ કાવ્ય, વાંચન કેવી રીતે કરવાનું છે અને તે કર્યા બાદ મુમુક્ષુના ભાવો કેવા હશે અને એ ભાવોના અનુરૂપ પરમાર્થ પ્રેમ રૂપી ફળ એમના આશ્રયે ખીલતું જ રહેશે એ આશય દર્શાવે છે.

''અમે ઉત્સાહી રે, રાજ નગર ગામના,
હાં રે અમે ઉત્સાહથી વાંચન કરીએ,
ઉત્સાહી રે, રાજનગર ગામના.
બ્રહ્મમુહુર્તનો સમય મજાનો,
જ્ઞાનીની સંગાથે વાંચન કરવાનો,
હાં રે અમે જ્ઞાનીની આજ્ઞામાં રહીએ રે... ઉત્સાહી રે...

વાંચનનો આશય છે પ્રભુને મળવાનો,
પ્રભુને મળવાનો એમને ઓળખવાનો,
હાં રે અમે આજ્ઞાંકીત શિષ્યો થઈએ... ઉત્સાહી રે...

એક એક શબ્દોનો અર્થ સમજજો,
સમજીને એને હૃદયમાં ધરજો,
હાં રે તમે નિયમીત વાંચન કરજો... ઉત્સાહી રે...

વાંચન કરવાથી તને પ્રાપ્તિ શું થાશે ?
અનાદિકાળનો તારો અધ્યાસ જાશે,
હાં રે તારો સુતેલો આતમ જાગી જાશે... ઉત્સાહી રે...

જ્ઞાની અમારા છે કરૂણાના સાગર,
કરૂણાના સાગર એ મુક્તિના સાગર,
હાં રે અમને વાંચન કરતા શિખવાડે... ઉત્સાહી રે...

વાંચન કરવાથી તારા વિચાર ખીલશે,
વિચાર ખીલીને તારા વર્તનમાં આવશે,
હાં રે તારા ભવોભવના દુઃખ ટળશે... ઉત્સાહી રે...

વાંચન, કરીને તમે વિચાર કરજો,
પુરુષાર્થના વચનોને હાઈલાઈટ કરજો,
હાં રે હૃદયસ્પર્શી વચનોનું નોટીંગ કરજો... ઉત્સાહી રે...

કરેલા નોટીંગને ફરી ફરી વાંચજો,
વિચાર કરીને તમે વર્તનમાં લાવજો,
હાં રે એક એક સમયનો ઉપયોગ રાખજો... ઉત્સાહી રે...

મનુષ્ય ભવ તો અતિ દુર્લભ છે,
પ્રભુ મળવાથી એ તો સુલભ થયો છે,
હાં રે તમે હવે પ્રમાદ ન કરજો... ઉત્સાહી રે...

કૃપાળુપ્રભુ તમે ભક્તિ આપજો,
આતમ સંયમની શક્તિ પણ આપજો,
હાં રે ભવોભવનું શરણું અમને આપજો... ઉત્સાહી રે...

પરમ કૃપાળુ હવે કૃપા વરસાવજો,
રાજ હૃદયમાં સ્થાન અપાવજો,
હાં રે તમ સંગાથે અમને રાખજો... ઉત્સાહી રે...

પૂજ્ય પપ્પાજી તમે પાત્રતા આપજો,
પાત્રતા આપજો ને ભક્તિ પ્રગટાવજો,
હાં રે તમે પરાભક્તિ પમાડજો... ઉત્સાહી રે...

નીલેશભાઈની વાણી બહુ મીઠી,
આંખો પણ મીઠી ને સ્માઈલ પણ મીઠી,
હાં રે એમની છબી પુજ્યશ્રીમાં દીઠી... ઉત્સાહી રે...

ઉત્સાહી જનોની એકજ વિનંતી,
આપના ચરણોની અમે માંગીએ છીએ ભક્તિ,
હાં રે તમ સંગાથે મળે અમને મુક્તિ... ઉત્સાહી રે...

અમે ઉત્સાહી રે, રિસર્ચ સેન્ટર ના...
અમે ઉત્સાહી રે વિતરાગ વિજ્ઞાનના...
અમે ઉત્સાહી રે રાજ નગર ગામના...

■ ફાલ્ગુની શાહ, મુંબઈ

DESPEDIDA

"May the road rise up to meet you;
May the wind be even at your back;
May the sun shine warm upon your face and the rain fall softly on your fields;
And until we meet again, may God hold you in the hollow of his hand".

Despedida is described by Oxford Dictionary as **"A social event honouring someone who is about to depart on a journey or leave an organization".** The activity room of Shree Raj Educational Center echoed with blessings on the morning of 21st February 2019 when the SREC family came together to bid farewell to the first outgoing batch. It was a beautiful morning, the sun shining brightly as the batch of 2019 showed up, dressed in their finery. The young ladies glowed in their Nauvaris and the gentlemen carried themselves smartly in their western attire. The backdrop was painted with different shades of their future paths saying **"Despedida – Not the end but a beginning to conquer the world".** Mrs. Nikita Khandagale and Mrs. Prajakta Patil organized farewell party with great enthusiasm and of course endeavoured to leave a trail of nostalgia behind.

The day began with a treasure hunt organized by the students of Class 9, which Team B of the outgoing batch successfully cracked. Many different games were played which brought in the energy and filled the room with enthusiasm. No chance was missed by anyone to capture the moments – to treasure and cherish. The day turned out to be a fiesta devoted to the years spent together with friends and teachers to reminisce joyous moments.

Rahul Mohite, Sneha Salunkhe, Adinath Gaikwad–total nine such students for whom it is their tenth year at the school, having belonged, since school's inception, articulated their love and gratefulness to the school, teachers and friends. The senior staff – Mrs. Vaishali Karande, Mrs. Nikita Khandagle, Mrs. Suwarna Desai, Mr. Swapnil Salunkhe, Ranjana Mausi – the senior most member, also with the School since inception, got teary eyed while biding these students farewell.

Param Pujya Pappaji and Pujya Nilesh Bhai were cordially welcomed with *aarti, tilak* and flower petals by the said nine students. Each of the outgoing student was given a farewell gift. The said staff-family and all drivers were also felicitated by Pujyashree and Pujya Nilesh Bhai, with gifts. Everyone scrambled to fit in during the photo session with Param Pujya Pappaji and Pujya Nilesh Bhai.

Pujya Nilesh Bhai, opened his address with a triple thundering of "How's the *josh?*!" and got a more enthusiastic response each time of "High, Sir !", even



from the girls. "Keep the same *josh*, when you go out in the World. The seed that Pujya Pappaji has planted, the entire World is going to see in you; the *sanskar*, moral values, spiritual learning that you have learnt should get spread in the entire Universe. I feel so proud when people look at us and say "यह पप्पाजीवाले हैं!" I feel proud that "मैं पप्पाजीवाला हुं!" With this pride in us, we will step out in the World – feet firmly planted on the ground and head held high, declaring, we belong to Aatma Tatva Research Centre. I wish you all the best, have the best and be with the best!"

Pujyashree began by confirming that "today, the School, wherever it has reached and the University which is going to come up, would not have been possible, had it not been for Dr. Joshi." HE further expected the students to take up Science under "Cambridge Course" which should start shortly at the School, and undertake research in subjects like Chemistry and continue till graduate or double graduate level. HE said people who come in your contact should feel "इन लोगों को जो ट्रेनिंग मिली है वह हजारों में एक हजार स्कूलों में से एक स्कूल में हो सकती है! एक एक स्टुडेंट पे जिस तरह ध्यान दिया जाय, अटेंशन दिया जाय, यह टीचर्स भी सब को बडे प्रेम से सिखाते हैं।" He also expected students to join the Ashram in future and make it grow as much as possible for which "आप लोग mentally तैयार हो जाईये कि आश्रम के अंदर ही काम करना है; और सारी दुनिया को यहां से पूरी help मिली करेगी; जो गरीब हैं, afford नहीं कर सकते उन को सब treatment बुहत ही concessional rate पर मिला करेगी। तो आपको जरूर से join होना है और जरूरत पूरी करने जितनी कमाई आप को मिल ही जाये गी।" HE also declared that "अप्रैल से या जुलाई से, यहाँ मैं military course दाखिल करना चाहता हुं। अभी जो सात साल का बच्चा है, revolver चलाना सीख ले और hard life से एक दम तैयार हो जाएं, military man की तरह। आज ६५ सालों से Government ने प्रजा के लिये कुछ भी नहीं किया है और देख रहे हैं कि बाजूवाला देश हम पर कितने हमले करता है, कितने जवानों को मार डालता है! वजह यह है कि प्रजा-हम, आप तैयार नहीं है। तो, मैं यह चाहता हुं, दस साल के अंदर military force हो। आप में से भी सोच सकते हैं कि भारत माता के लिये हम अवश्य यह करेंगे; ऐसा आपको आज ठानना चाहिये। तभी हम समझेंगे, best education, moral लेकर आप यहां सेनिक ले हैं।"`

Principal Dr. J.K. Joshi Sir, wished the students good luck and asked them to continue practicing the values imbibed by them in their school life. He also added that though the teaching fraternity was sad to bid goodbye to the students they fostered for so many years, they were happy to have moulded them into poised individuals who could face the world's challenges. ◆



પ્રશ્નોત્તરી

Q આત્માનો સાચો વૈરાગ્ય કોને કહેવાય ?

ઉત્તર : શરીરને જેટલી સગવડતા લાગે છે એ સગવડતા ઓછામાં ઓછી કરવાની. શાતા વેદનીયના બધા ઉદયોની અંદર અત્યંત અત્યંત એવો નકાર ભાવ જોઈએ. પુણ્યનાં કારણે આ બધુ સુખ મળે છે આ સુખ ભ્રાંતિવાળું છે. દેહને જેટલું પોષણ આપો છો, દેહનું જેટલું ધ્યાન રાખો છો એ ઘણું ઓછું કરી નાખો.

ખાવાની તમને અત્યંત એવી જે ભાવતી વસ્તુ છે એની બાધા આખી જિંદગી માટે લઈ લ્યો. એ ન થાય તો ઓછામાં ઓછું એક વરસ માટે એની બાધા લ્યો. અરીસા સામે ઉભા રહ્યા ત્યારે કેવી સુંદર લાગું છું, વાળ કેવા ઓળવા, કપડાં કેવા પહેરવા એવા બધા વિચારો ઓછા કરો. સંસારમાં તમારા શોખની જે કંઈ વસ્તુ છે એ બધા પ્રત્યેનો તમારો રાગભાવ, મોહભાવ, એ ખૂબજ ઓછું થવું જોઈએ. પુણ્યથી આ બધું છે, હું આત્મા છું. ગમે તેવું પુણ્ય હોય તે બધું જ વપરાઈ જવાનું છે અને પછી ભિખારી થઈ જઈશું.

બાર ભાવનામાંની પહેલી અનિત્યભાવના, બીજી અશરણભાવના, ત્રીજી એકત્વ ભાવના, ચોથી સંસાર ભાવના વાંચો... વિચારો.. અનાદિકાળથી આજ સુધી એક પણ વસ્તુ એવી નથી કે જે તમે ભોગવો છો એનો નાશ ન થતો હોય માટે એનો વિચાર કરી મોહ ન થવો જોઈએ.

''ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન;

પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.''

હું આત્મા છું એવો બરાબર ચોવીસે કલાક લક્ષ રહ્યા કરે; જે મારું નથી એના ઉપર આસક્તિભાવ, મોહભાવ ન કરવો જોઈએ. એવી રીતે દેહાધ્યાસ ઓછો કરો તેનું નામ ''વૈરાગ્ય.''

Q કોઈ જીવ મંદિર બંધાવે છે કે ગનની ફેક્ટરી નાખે છે, પછી મૃત્યુ પામે છે. મૃત્યુ પછી પણ તેમાં થતી ક્રિયાથી તેને કર્મબંધ થાય છે એ કેવી રીતે ? પરમ કૃપાળુ દેવે પત્રાંક ૫૨૨માં અધિકરણ ક્રિયા વિશે કહ્યું છે તે સમજવું છે.

ઉત્તર : અજ્ઞાની જીવ દેહ છોડે ત્યારે એની ઈચ્છા અને લાલસા અત્યંત પ્રજ્વલિત હોય કે આવું થવું જોઈએ.. એટલે જીવ જે ભાવ કરે છે એના કારણે અધિકરણ ક્રિયા થયા કરે છે. આ ક્રિયા ત્યારે જ અટકી શકે જ્યારે જીવને પરમાર્થની યથાર્થ સમજણ પડે અને ઈચ્છારહિત થવાનો પ્રોસેસ ચાલે. જેટલા અંશે એ ઈચ્છા ઓછી થાય એટલા પ્રમાણમાં અધિકરણ ક્રિયા ઓછી ચાલે.

''હે જીવ ક્યા ઈચ્છત હવે, હૈ ઈચ્છા દુઃખ મૂલ,
જબ ઈચ્છા કા નાશ તબ, મિટે અનાદિ ભૂલ''

સર્વ પ્રકારની ઈચ્છારહિતપણે જીવ દેહ છોડે ત્યારે અધિકરણ ક્રિયા બંધ થઈ જાય.

''જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથા પ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાન વિચારે કરી ભાવ ગાળ્યો નથી અને તે તે પૂર્વ સંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણ ક્રિયાનો હેતુ કહ્યો છે. (પત્રાંક–૫૨૨)

ઘણા લોકોને મરતી વખતે કહેતાં સાંભળીશું કે ''બેટા આ બે ફેક્ટરી કરી છે, હું તો જાઉં છું, આ બે ફેક્ટરી બાર થઈ જાય એટલું ધ્યાન રાખજે.'' ''તારી માનું ધ્યાન રાખજે.. તું મોટો ભાઈ છો તો તારા નાના ભાઈનું ધ્યાન રાખજે...''

દુનિયાભરની ઈચ્છા સાથે જીવ દેહ છોડે છે એ મોટા કર્મ બંધનના કારણ છે. આખો સંસાર જેમ છે એમ સાથે લઈને જીવ દેહ છોડે છે અને એજ આખા બ્રહ્માંડનું અધિકરણ ક્રિયાપણું છે.

ભાવરહિત, ઈચ્છારહિત કેવી રીતે થવાય એ અધિકરણ ક્રિયાનું મારણ છે. ઈચ્છા હોવી એ અધિકરણ ક્રિયા છે.

હું આત્મા છું; સંસારની જે કોઈપણ ક્રિયા છે તેમાં ફળની ઈચ્છા ન થવી જોઈએ. ભાવ જ્યારે જ્યારે થાય ત્યારે અંતરમાંથી એક નકાર ભાવ થવો જોઈએ કે આ બધા ભાવ છોડવા જેવા છે, જરૂર છોડવા જેવા છે તો બીજા-ત્રીજા ભવમાં ફરક પડશે. એટલે જ ભગવાને કહ્યું છે કે આવા એક એક ભાવને કાપતા ૧૫ ભવ લાગશે, બળવાન પુરુષાર્થ જોઈશે, પુરુષાર્થનો અર્થ તત્વની સમજણ.

કેટલા કલાક વાંચો છો, કેટલા મહિના ભૂખ્યા રહો છો, બીજી હજાર ક્રિયાઓ કરી છે એ નહીં પણ તત્વની સમજણ કેટલી ગ્રહણ થાય છે એ પ્રમાણે આપણું વર્તન થવું જોઇએ.

દીકરા-દીકરી કે બીજા સંસારના લોકો, પદાર્થો પ્રત્યે જે આકર્ષણ અને મોહ છે એ તોડવા જેવો છે. અને એ પ્રમાણે પુરુષાર્થ પણ ચાલતો હોય અને પુરુષાર્થ કર્યા પછી જો પરિણામ ન આવતું હોય તો આંખમાં પાણી આવતું હોય એ વખતે ક્ષમાપના ચાલે (હજી કેટલા ભવ સુધી આ ચાલશે) અને હૃદય વલોવાઈ જાય તો આ ભવ અને પહેલાનાં બધા ભવની એ વાસના ખતમ થઈ જાય અને અનંતા ભવનું સાટુ એક ભવમાં વળી શકે. ◆

શ્રી રાધા-નારદ મિલન

'સત્યભામા-નિવાસ'ની આજે રોનક ફરી ગઈ હતી. જિંદગીમાં પહેલીવાર સ્વામીનાથે સામે ચાલીને ભોજનનું આમંત્રણ માગ્યું એના અદકેરા આનંદમાં રાણી સત્યભામાએ આદેશ આપી દીધો હતો કે, શુશ્રુષા અને સરભરામાં, સુશોભન અને સ્વાગતમાં કોઈ ઉણપ ન રહી જવી જોઈએ! આખી રાત આ ભોજનોત્સવની જોરદાર તૈયારીઓ ચાલી.

રાણી સત્યભામા સૌને નિમંત્રણ પાઠવીને તેઓ સ્વગૃહે પરત આવ્યાં ત્યારે રુક્મિણી તો ક્યારનાયે આવીને સત્યભામાની રાહ જોતાં હતાં.

ભોજન-સમારંભ ખૂબ ધામધૂમથી અને હર્ષોલ્લાસથી ઊજવાયો. અત્યંત સંતૃપ્ત તથા પ્રસન્ન થઈ ગયેલાં દેવકીજી, રોહિણીમા અને વાસુદેવજીએ મનોમન આશીર્વાદની વર્ષા વરસાવી.



દાઉને લઈને શ્યામસુંદર 'યજ્ઞશાળા'ની મુલાકાતે ગયા. રેવતીભાભી સાથે સુભદ્રાજી 'બલરામભુવન' પર ચાલ્યા ગયાં અને રોહિણીમા 'દેવકી-નિવાસ' પર આરામાર્થે ગયાં. હવે 'સત્યભામા-નિવાસ'ના મુખ્ય કક્ષામાં શ્રી કૃષ્ણની અષ્ટ રાણીઓ તથા દેવર્ષિ નારદજી સિવાય બીજું કોઈ ન રહ્યું. રાણી સત્યભામા, હવે નારદજી સમક્ષ પોતાને જે પ્રશ્ન પૂકવાનો હતો તે કેવી રીતે ગોઠવીને મૂકવો તેની ગડમથલમાં પડ્યાં. દેવી રુક્મિણી સત્યભામાની વહારે ધાયાં. એમણે જ શ્રી નારદજીને એક સ્વાભાવિક પ્રશ્ન પૂછ્યો.

મુનિવર! ''આપ અમારી એક જિજ્ઞાસા સંતૃપ્ત કરીને અમને કહો કે આપ આ ભૂલોક પર અવતરેલાં શ્રીરાધાજીને ક્યારે મળેલા? શા હેતુથી મળેલા? અને એમના વિશે આપ શું શું જાણો છો? શ્યામસુંદરનાં એ બાળસખી વિશે આપ જે કંઈ જાણતા હો તે બધું અમને વિસ્તારથી કહેવાની કૃપા કરો.''

સત્યભામાનો ભાર હવે હળવો થઈ જતાં એમણે મનમાં વિચાર્યું કે - રોહિણીમાએ કાલે જે બ્રહ્મવાક્ય કહેલું કે, ''દ્વાપરયુગની સતી અને પ્રેમલક્ષણા ભક્તિસ્વરૂપા શ્રીરાધાજી હોય તો હે આત્મા! તું આ મૃતદેહમાં પુનઃ પ્રવેશ કર!'' તો તત્ક્ષણ એ મૃત પુત્ર જીવતો થયો હોત! આ વિધાન પાછળનું રહસ્ય શું છે તે નારદજી એકવાર 'શ્રીરાધા-કથા' શરૂ કરશે પછી વચ્ચે ગમે ત્યારે પૂછી લેવાશે.

સૌ એકચિત્ત થઈને દેવર્ષિ નારદજીના શ્રીમુખે શ્રીરાધાજીના જીવનપ્રસંગો અને એમની સાથેની મુલાકાતના પ્રસંગો સાંભળવા બિરાજમાન થઈ ગયા. દેવર્ષિ નારદે પ્રણામ કરીને કથાનો મંગલ પ્રારંભ કર્યો.

હે દેવીઓ! ભગવાન શ્રીનારાયણે પોતાના શ્રી મુખે મને જે દિવ્યકથા પૂર્વે કહેલી છે તે હું તમને કહું છું; શ્રી કૃષ્ણચંદ્રનો વાસુદેવ - દેવકીના આઠમા સંતાન તરીકે જન્મ થાય તેનાં થોડાં વર્ષો પૂર્વે શ્રીરાધાજીનો જન્મ બરસાનામાં ઠરીઠામ થયેલા ગોપાધિપતિ શ્રીવૃષભાણજીને ત્યાં થયો. જન્મ સમયે જ શ્રીરાધિકાજીની કમનીય દેહકાન્તિ એક લાખ શરદચંદ્રોની પ્રભા જેટલી દૈદીપ્યમાન હતી અને તેથી આવા દિવ્ય સ્વરૂપને નિહાળીને હર્ષવિભોર થઈ ગયેલાં માતા કલાવતીએ બે લાખ ગાયો દાનમાં આપવાનો શુભ સંકલ્પ કર્યો!

મારું અને શ્રીરાધાજીનું આ ભૂખંડ પર પ્રથમ મિલન ક્યાં, ક્યારે અને કેવા સંજોગોમાં થયું તે હવે હું તમને કહું છું. શ્રીકૃષ્ણે કંસના કારાગારમાં દેવકીમાની કૂખે જન્મ લીધો અને વસુદેવજી દ્વારા રાતોરાત નંદગાંવમાં નંદ-યશોદાને ત્યાં એમને હેમખેમ ખસેડી દેવામાં આવ્યા એવા સમાચાર સ્વર્ગના દેવદૂતો દ્વારા મને પ્રાપ્ત થયા ત્યારે શ્રી ગોપાલકૃષ્ણનાં નજરોનજર દર્શન કરવાની તીવ્ર અભીપ્સાથી હું નંદગાંવ ગયો. દર્શન કરતાં કરતાં મને વિચાર આવ્યો કે શ્રીરાધાજી પણ આ જ ભૂમિ પર, આટલામાં જ ક્યાંક અચૂક અવતર્યાં હોવા જોઈએ અને હું એ પવિત્ર વ્રજભૂમિમાં એમને શોધતો શોધતો બાવરો બનીને ફરવા લાગ્યો.

શ્રી રાધાજીનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા અને વ્યાકુળતાના પરિણામે મારી પેલી દિવ્ય સ્વર્ગીય પ્રતિભા કુંઠિત થઈ ગઈ હતી. આખરે એક દિવસ હું ફરતો ફરતો બરસાના જઈ પહોંચ્યો. મને ઓળખી ગયેલા વૃષભાનુએ પોતાના બાળપૂત્ર શ્રીદામાને મારા ખોળામાં મૂક્યો. મેં એને મનોમન આશીર્વાદ આપ્યા કે 'શ્રીકૃષ્ણ અને બલરામનો તું પ્રિય સખા થજે.'

મારા મનમાં સંઘર્ષ ચાલતો હતો કે શું રાધાજી

અહીં પણ નથી? ત્યાં તેઓ ધીરેથી બોલ્યાં: ''મુનિવર! મારે એક પુત્રી પણ છે. તે એટલી તો સુંદર છે કે જાણે કોઈ દેવકન્યા મારે ઘેર અવતરી ન હોય! પરંતુ આશ્ચર્યની વાત એ છે કે તે જન્મી ત્યારથી આજદિન સુધી મોટે ભાગે નેત્રો બીડેલાં જ રાખે છે. અમારો અવાજ પણ એના કર્ણમાં પ્રવેશતો નથી. મને ચિંતા થાય છે કે રૂપરૂપના અંબાર સમી આ મારી પુત્રીનું શું થશે?''

હું આશ્ચર્યચકિત થઈ ગયો અને વૃષભાનુની સાથે અંત:પુરમાં ગયો. ત્યાં પલંગ પર સૂતેલી આ અદ્‌ભુત બાળાને જોઈને મારો આનંદ પરિસીમાં વટાવી ગયો. પાર્વતીજી, લક્ષ્મી, સરસ્વતી, કાન્તા, વિદ્યા વગેરે સુંદરીઓ તો આ બાલિકાના મૂર્તિપૂંજની છાયાની સરખામણીમાં પણ ન આવે! આવું અલૌકિક રૂપ સૌંદર્ય મા રાધિકા સિવાય બીજે ક્યાંય ન સંભવે! મારો આનંદ એટલી હદે ઊભરાયો કે તરત જ તેને તેડીને મેં મારા અંકમાં લઈ લીધી.

મને ખાતરી થઈ ગઈ કે હું જેને શોધતો હતો તે દેવી હવે મારી નજર સન્મુખ જ છે, મારા ખોળામાં જ છે તો પછી જો એમની મારા પર અમીદ્રષ્ટિ થાય નહીં તો મારો ફેરો અફળ જાય! મેં તરત જ ચિંતિત વૃષભાનુને કહી દીધું કે - 'આપ થોડો સમય અંત:પુરમાંથી બહાર જશો? મને એકાંતમાં મારી વિદ્યા અજમાવવા દેશો?'

એકાંત મળતાં જ મેં તો 'શ્રીરાધિકા સહસ્ત્રનામ સ્તોત્રમ્'નું સ્તવન પ્રારંભી દીધું અને કહેવા માંડ્યું ''હે દેવી! શ્રી કૃષ્ણચંદ્રની આનંદરૂપિણી શક્તિ આપ જ છો. પ્રાણેશ્વરી છો અને હૃદયેશ્વરી છો...''

એમ સ્તવનગાન કરતાં કરતાં મેં એ બાલિકાના કાનમાં ધીરેથી કહ્યું: ''દેવી! મારા પ્રભુ ભગવાન શ્રીકૃષ્ણનો આ અવનિ પર અવતાર થઈ ચૂક્યો છે. હું એમનાં દર્શન કરીને જ આપની પાસે આવ્યો છું...'' અને આટલા સમાચાર આપીને મેં એ બન્નેના યુગલસ્વરૂપની માનસિક આરાધના કરીને મારી સ્વરચિત સ્તુતિ લલકારવા માંડી.

પ્રસન્ન થયેલ એ બાલિકાસ્વરૂપ શ્રી રાધાજીએ નયન ખોલીને મારી સામે જોયું અને મંદ મંદ હાસ્ય રેલાવ્યું. શ્રી વૃષભાનુ અને દેવી કલાવતી પોતાની પુત્રીને ખુલ્લી આંખે પુલકિત સ્થિતિમાં જોઈને આનંદમાં આવી ગયાં. એ પુણ્યશાળી દંપતીને મેં 'ખૂબ પ્રેમથી ને લાડથી આપની દીકરીનું જતન કરજો' એમ કહ્યું અને 'નારાયણ... નારાયણ' ગાન કરતો હું ત્યાંથી નીકળી ગયો.

હવે છેલ્લે, હું શ્રીરાધાને ક્યારે મળ્યો તે તો એક એવો પ્રસંગ છે જે વૃંદાવનમાં બન્યો હતો. ત્યારે શ્યામસુંદર દેવી રાધિકા સાથે દિવ્ય પ્રેમથી એકાકાર થઈ જઈને ટૂંક સમયમાં સદાને માટે વ્રજભૂમિનો ત્યાગ કરવાની માનસિક તૈયારીઓ કરી રહ્યા હતા. પરંતુ જતાં પહેલાં છેલ્લે છેલ્લે એક દિવ્ય લીલા કરવાની પ્રભુને ફરજ પડી હતી. જો આ લીલા ન કરી હોત તો શ્રીરાધાજીના સાચા સ્વરૂપનો, એમની પવિત્રતાનો, એમની શ્રીકૃષ્ણ પ્રત્યેની અસીમ ભક્તિનો અને મહાન સતીત્વનો પ્રત્યક્ષ પુરાવો ન જ સાંપડ્યો હોત...''

શ્રીગિરિધરગોપાલે, રાસલીલાથી માંડીને બીજી કેટલીયે દિવ્ય લીલાઓની રમઝટ બોલાવી દીધી હતી, કેમકે પ્રભુ જાણતા હતા કે શ્રી દામાના શાપાનુસાર દેવી રાધિકાને પછી તો સો વર્ષનો કૃષ્ણવિયોગ આ અવતારમાં વેઠવાનો છે એટલે, મિલનના આ દિવસોની પળેપળનો મહત્તમ ઉપયોગ કરી લઈને શ્યામસુંદર શ્રીરાધાજીને અનેક પ્રકારે લાડ લડાવી રહ્યા હતા!

(ક્રમશ:)

આપણા આરાધ્ય પરમ કૃપાળુ દેવના સૂરત સમીપના તીર્થ સ્થાનકોની મુલાકાત

આ પંચમ કાળમાં પૂજ્યશ્રીએ ઉત્સાહી કોર્ષ આપણને આપી અનંત અનંત ઉપકાર કર્યો છે, જેમાં એક પુસ્તક પારસભાઈ દ્વારા રચાયેલ પરમ પૂજ્ય બ્રહ્મચારીજીનું જીવન ચરિત્ર છે. પરમ પૂજ્ય બ્રહ્મચારીજી જે જે જગ્યાએ વિચર્યા હતા, ત્યાં મુમુક્ષુઓ, પરમ કૃપાળુ દેવની ભક્તિમાં જોડાઈ આરાધન કરી શકે, તે હેતુએ તેઓએ સડોદરા, આસ્તા, ધામણ આદિ સ્થળે મંદિરોની સ્થાપના કરેલ તથા પ્રેરણા આપેલ. આમ તેમના જીવનચરિત્રના વાંચનથી તે તિર્થસ્થળોના દર્શન કરવાની ખૂબ ખૂબ તીવ્ર જિજ્ઞાસા જાગી અને પ્રિવીલેજ કાર્ડ ટીમ દ્વારા આ જાત્રા આયોજિત થતાં સર્વે મુમુક્ષુના ભાવ પુરા થયા અને ખૂબ ખૂબ જ આનંદ થયો.

તા. ૨૮-૦૨-૨૦૧૯ના મુંબઈથી નીકળતા જ પરમ કૃપાળુદેવ જાણે હરેક પળે સાથે હોય તેમ અનુભવાતું હતું. પ્રથમ લોઢા ધામ ગયા. લોઢા ધામમાં જાણે કે પરમ કૃપાળુ દેવ મૂર્તિમંત બની ભવ્ય જીવો માટે જ બેઠા હોય એમ લાગ્યું. લોઢા ધામમાં ઉપર લાઈબ્રેરીની બાજુમાં એક રૂમમાં એમનું સુંદર ચિત્રપટ અને એમના પુસ્તકો પણ રાખેલા છે, જેથી ભક્તિ આરાધના કરી શકાય.

ત્યાંથી બપોરના તિથલ પહોંચી ત્યાં રાજ-કહાન મંદિરમાં દર્શન કર્યા. આ ભૂમિ પર પરમ કૃપાળુદેવ તેમના અંતિમ સમય પહેલા લગભગ એક મહિનો રોકાયેલા અને ત્યાં પત્રાંક ૯૪૯ લખેલ. મુમુક્ષુ ભારતીબેન પટેલે આ પત્ર ખૂબ જ સરસ રીતે સમજાવ્યો અને ત્યાગ, વૈરાગ્ય તથા જ્ઞાનીની આજ્ઞાનું મહાત્મ્ય બળવાનપણે દ્રઢ કરાવ્યું. તેમજ જ્ઞાનાવરણના ક્ષય માટે ''ભક્તિમાર્ગનું રહસ્યમાંથી એક મંત્ર વિશે સમજ આપી કે ''હું જ્ઞાન જ્યોતિ સ્વરૂપ છું, જ્યોતિથી મારા જ્ઞાનાવરણ ક્ષય થાવ.'' આમ યાત્રા દરમ્યાન સહુ સ્મરણમંત્રમય બન્યા. આજે પણ આ સ્થળ નિર્જન જેવું છે, તો જ્યારે કૃપાળુદેવ આવ્યા હશે ત્યારે કેવું હશે! કૃપાળુ દેવ કેવા અસંગ થઈ અહીં એકાંત સાધના કરતા હશે! કેવો એમનો વૈરાગ્ય! કેવી એમની નિર્ભયતા!! એ વિચારતા પણ એમના જેવી દશા પ્રાપ્ત થાય એમ ભાવ થયા.

ત્યારબાદ રાતના હેતલબેન શાહે (ઘાટકોપર) અશુભ ઋણાનુબંધ વિશે ખુબજ સરળ ભાષામાં પ્રયોગાત્મક રીતે સમજાવ્યું. આ ઉપરાંત તેઓ રોજ નાના પણ ખૂબ સરસ પુરુષાર્થ આપતા; જેમ કે આજે એક ભાવતી વસ્તુનો ત્યાગ, પદ મોઢે કરવું, મંત્ર સ્મરણ કરવું, નહાવામાં પાણી એકજ બાલદી વાપરવું વિગેરે જેથી આત્મભાવમાં રહેવામાં બળ મળતું.

બીજે દીવસે વહેલી સવારે તિથલના દરિયા કિનારે પરમાર્થિક ગેમ્સ રમ્યા. થોડીવાર ધ્યાન કરી બ્રહ્મચારીજીના પત્ર ૫૧૪ પર બધાએ ચર્ચા કરી. એ દિવસે ધરમપુરના મંદિરની મુલાકાત લીધી જ્યાં પરમ કૃપાળુદેવની ૩૪ ફુટની ભવ્ય મૂર્તિના ભક્તિ-ભાવ પૂર્વક દર્શન કર્યા. રાતના પ્રીતિબેન સંઘવી અને સ્પર્શ ટીમ દ્વારા ખૂબજ સરસ ભક્તિમય પરમાર્થિક હાઉઝી રાખવામાં આવેલી, જેમાં ખૂબજ મજા આવી.

ત્રીજા દિવસે સવારે ધામણ મંદિર ગયા. ત્યાં

બ્રહ્મચારીજીના સમાગમમાં રહેલ પૂ. દેવચંદ્ર મહારાજના સત્સંગનો લાભ લીધો અને તેમની પાસેથી બ્રહ્મચારીજીના પ્રસંગો જાણ્યા. તેમણે કહ્યું કે, હે પ્રભુના દોહરા જેટલીવાર થાય એટલી વાર કરવા, એમાં કાંઈક પમાડવાની શક્તિ છે. આ ભવ્ય વિશાળ મંદિરમાં પરમ કૃપાળુદેવ, પ્રભુશ્રીજી અને બ્રહ્મચારીજીના ચિત્રપટ અને જીવન પ્રસંગોના દર્શન કરતા સહુ કોઈ ભાવ વિભોર થઈ ગયા. ત્યાંના મુમુક્ષુઓનો પ્રેમ ભક્તિભાવ માણ્યો. ત્યાંથી સાંજે આસ્તા પહોંચ્યા અને રાત્રે સ્પર્શ ટીમ દ્વારા પરમ કૃપાળુદેવની ભક્તિમાં ખૂબ ઉલ્લાસભાવપૂર્વક તલ્લીન થયા.

ચોથા દિવસે આસ્તામાં સવારે વાંચન, નિત્યક્રમ અને ઉલ્લાસપૂર્વક આત્મસિદ્ધિ પૂજન, હિરેનભાઈ અને સંજયભાઈના સત્સંગનો લાભ લઈ, બપોરના બારડોલીમાં (ઘરમંદિર) સ્પર્શ ટીમ સાથે ભક્તિ કરી તથા કોલેજમાં સુંદર મ્યુઝિયમની મુલાકાત લીધી. રાતના બધાએ પોતાના અનુભવ શેર કરતા કહ્યું કે, પૂજ્યશ્રી સાથે જ છે, એમ અનુભવાયુ છે. એક નાની બાળકી જીઆનાએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે, કૃપાળુદેવ મારી સામે જ જુએ છે અને પ્રત્યક્ષ હાજર છે એમ ફીલ થાય છે. ઘણા મુમુક્ષુઓએ જણાવ્યું કે આસ્તામાં આત્મસિદ્ધિની ભક્તિ કરતા ખૂબજ ભાવવિભોર થવાયું અને કૃપાળુદેવની સાથે નજર મિલાવતા જાણે એ મીઠું મીઠું હસતા હોય એમ લાગ્યું. આસ્તાના મુમુક્ષુએ કહેલ એક પ્રસંગ કે અહીં પ્રભુશ્રીજી ઘરે ઘરે જઈ પરમ કૃપાળુદેવનો બોધ આપતા અને મંત્રની દીક્ષા આપતા અને ત્યાંના જૈનેતર લોકોની શ્રદ્ધા બળવાન કરાવતા. જ્ઞાનીની કેવી અસીમ કરુણા! આજે પણ ત્યાંની શાળાઓમાં પરમ કૃપાળુદેવના પદો પ્રાર્થના રૂપે ગવાય છે. આસ્તાનાં મુમુક્ષુભાઈ બહેનોએ અનહદ પ્રેમપૂર્વક હૃદયથી મીઠો આવકાર અને સહયોગ આપ્યો છે, જે ખરેખર અનુમોદનીય છે.

અંતિમ દિવસે સવારનાં સડોદરા મંદિરમાં ભક્તિ કરી. ત્યાંના મુમુક્ષુએ કહેલ એક પ્રસંગ; અહીં રોજ ભક્તિ થતી ત્યારે એક હરિજનભાઈ પણ આવતા. તેમના હૃદયમાં હંમેશા એક ભાવ રહેતો કે મને બ્રહ્મચારીજીની સેવાનો લાભ મળે. એકવાર બ્રહ્મચારીજી રાત્રે આવતા હતા ત્યારે રસ્તામાં તેમની ગાડી બગડી અને તેજ વખતે આ હરિજનભાઈ ત્યાંથી ગાડામાં પસાર થતાં હતાં. ત્યારે તેઓ પોતે બળદની દોરી પકડી ચાલ્યા અને બ્રહ્મચારીજીને ગાડામાં બેસાડ્યા. કહેવાય છે કે એમના અને બળદના ભાવ પણ એટલા શુભ થયા કે બળદે પણ પોતાની તિર્યંચ અને નરકની ગતિ કાપી. ઉલ્લાસભાવે પ્રેમભક્તિથી કેવો લાભ! ભાવની કેવી અપાર શક્તિ! આ સાથે એક બીજી વાત એમણે કહી કે બ્રહ્મચારીજી તેમના રોકાણ દરમ્યાન દરેક મુમુક્ષુઓનાં ઘરે જઈ રોજ સવારે બહેનોને સત્સંગ-બોધ આપતા ત્યારે થાય જ્ઞાનીની કેવી કરુણા દરેક મુમુક્ષુ પ્રત્યે હોય છે. બધા જ્ઞાનીમાં આ લક્ષણ દરેક કાળમાં જોવા મળે છે અને તેમના ઉપકાર વેદાય છે. આમ પાંચ દિવસ ક્યાં વીતી ગયા તે ખબર ના રહી. સહુને પ્રભુનું સાનિધ્ય છોડી, મોહમયી નગરીમાં પાછા આવવાની ઈચ્છા ન હતી, પણ આવ્યા વગર છૂટકો પણ ન હતો.

અમે સહુ મુમુક્ષુઓ આવી આહ્લાદક જાત્રા યોજવા બદલ પ્રિવીલેજ કાર્ડ ટીમના હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભારી છીએ. બધા મુમુક્ષુઓનો પ્રેમ, વાત્સલ્ય ને ઐક્યભાવ ખૂબ ખૂબ માણ્યો. આવી જાત્રાઓ જે આત્માને બળ આપે અને મુમુક્ષુને માર્ગમાં આગળ વધારે એ દર વર્ષે યોજાય, એવી શુભ ભાવના સર્વે મુમુક્ષુએ વિદિત કરી છે. ◆

જીવન ઝરમર

(ગતાંકથી ચાલુ...)

નુકસાનીવાળા પાના ફરી ઉથલાવવા નહીં:

એક બેનના યુવાન પુત્રનો દેહત્યાગ થયો. પૂ. મા ત્યારે દેવલાલી હતા. તેમણે લખ્યુ,

''બેટા, જરાપણ રૂદન ન કરજે, કર્મ બાંધ્યા છે ત્યારે તો આવા દુ:ખ દેખવા પડે છે. ફરી કર્મ ન બંધાય માટે મોહને વશ ન થતાં, દેહ ક્ષણભંગુર જાણી શોક તજી દેજો.''

આમ પૂ. મા વાંચનમાં ઘણી વખત સમજાવતા તેથી એ પ્રસંગે બેને ખૂબ શાંતિ રાખી હતી. પછી મા મુંબઈ આવ્યા ત્યારે એ પ્રસંગને ૧૪-૧૫ દિવસ થયા હશે. બેન પોતાની વિધવા પુત્રવધુને સાથે લઈ પૂ. મા પાસે આવ્યા. પૂ. મા એ એક જ લીટીમાં સમજાવી દીધું,

''બેટા, આજે જ તમારા બન્નેનો જન્મ થયો છે; મા ને દીકરી રૂપે. બસ, બીજો કોઈ સંબંધ નથી. પરણ્યા પણ નથી ને કુંવારા પણ નથી, તેમ રંડાયા પણ નથી. સદા આવા જ હતા. બન્ને મા-દીકરી થઈ રહેજો; સાથે મળી ખૂબ ભક્તિ ભજનો કરજો, તો સદાને માટે દુ:ખ ટળી જશે. પતિ તો એક માત્ર 'પ્રભુ' છે, જે કોઈ દિવસ સાથ છોડશે નહીં. બાકી બધા સંબંધ જુઠા છે.'' એમ કહી ઘણી શાંતિ આપી હતી.

પછી તે બેન બીજી વખત આવ્યા ત્યારે માને કહ્યું કે, મારું હૃદય આવું પત્થર જેવું કેમ છે કે આવો પ્રસંગ બન્યા છતાં આંખમાં પાણી ન આવ્યા? માએ કહ્યું, પ્રભુની કૃપા તારી ઉપર ઉતરી તેથી મન મક્કમ રહ્યું. પ્રભુનો જ બધો ઉપકાર છે.

પ્રમાદ જેવો કોઈ શત્રુ નથી

એક વખત મેં માને પૂછયું કે માળા કરતાં તથા ભક્તિમાં ઝોલા આવે છે તો શું કરું? ત્યારે માએ કહ્યું, ''બેટા, તે વખતે પોતે પોતાના જ હાથથી ગાલ પર ત્રણ ચાર તમાચા મારી લેવા.''

પછી વાંચનમાં તે વિશે ખૂબ સમજાવ્યું હતું કે પ્રમાદ જેવો કોઈ શત્રુ નથી. સંસારનું કામ કોઈપણ કરવું હશે તો રાત જાગીને પુરું કરશે, પાછા મોઢેથી એમ બોલશે, શું કરીએ? કાંઈ કર્યા વિના થોડું ચાલે? પણ પ્રભુભક્તિ બાર કલાકમાં અર્ધો કલાક કરવી હશે ત્યારે એમ કહેશે, શું કરીએ સમય મળતો નથી. પણ સાચી વાત તો એ છે કે પ્રભુ પ્રત્યે પ્રેમ નથી. સંસારના કામ જીવ અનાદિકાળથી કરતો આવ્યો છે. તેથી તેમાં તેને પ્રેમ છે. પ્રભુભક્તિમાં રસ નથી એટલે ઉંઘ આવે છે.

ભજન ગાઈએ અને ભગવાન કેમ ન આવે? પ્રભુ તો આપણા સમય સમયના ભાવ દેખી રહ્યા છે. ભાવથી ભક્તિ થાય તો પ્રભુ આવેજ.

સાસુ-વહુનો સંબંધ કેવો જોઈએ?

એક વખત એક સાસુ-વહુ બન્ને પૂ. મા પાસે ગયા હતા. ત્યારે પૂ. માએ કહ્યું કે કોઈએ કોઈના દોષ જોવા નહીં. પાંચસો રૂપિયાની સાડી વહુ પુછ્યા વગર લાવે તો પણ સાસુને તેના પ્રત્યે જરાપણ કષાય આવવો ન જોઈએ. ઘરમાં વહુના નાના બાળકો હોય અને તેને ભાવ હોય છતાં ભક્તિ ન કરી શકે તો સાસુએ બાળકો સાચવવા અને વહુને ભક્તિ કરવાની સગવડ કરી દેવી તે મોટાની ફરજ છે. જેથી નાના મોટા સહુને ઘરમાં સારા સંસ્કાર પડે.

ઘરમાં કોઈપણ સારી ચીજ ખાવાની કે વાપરવાની હોય તો તે પોતે વાપરવા કરતા બીજાને જરૂર ખાવા કે વાપરવા દેવી. તેથી ઘરમાં કંકાસ ન થાય તથા એકબીજા માટે કષાયનું કારણ ઉત્પન્ન ન થાય. વહુએ સાસુની આજ્ઞા અનુસાર વર્તવું અને પ્રેમથી તેની સેવા કરવી.

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો.

વાંચનમાં એક બેને ''બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો'' એનો ભાવાર્થ પૂછતાં, પૂ. માએ કહ્યું

કે બહુ પુણ્યના ઢગલા થયા ત્યારે જીવ એકેન્દ્રિયમાંથી મનુષ્યભવ સુધી આવ્યો. તે પછી પણ બહુ બહુ પુણ્યબંધ થતાં ઉત્તરોત્તર આર્યદેશ, ઉત્તમ કુળ, જૈન ધર્મ, પાંચ ઈન્દ્રિય અને આ બધી સુખ સગવડ મળ્યાં. તે દરેકને મળે એવું નથી. અનંત અનંત પુણ્યે બધુ મળ્યું છે અને હવે જો આપણે આત્મસાધના નહીં કરીએ તો પછી ક્યારે કરશું ?

જે સવારથી સાંજ સુધી મજૂરી કરે છે, તેને કોઈ સમજાવે કે આત્માને ઓળખ તો તે કરી શકશે ? તે બિચારાને આત્મા શું તેની પણ ખબર નથી અને ફુરસદ પણ નથી. આપણને તો પ્રભુ કૃપાથી બધી સગવડ મળી છે. સૂત્ર સિદ્ધાંત સમજાય નહીં માટે પરમ કૃપાળુ દેવ તદન સરળ અને સહેલાઈથી સમજાય એવા વચનામૃત મૂકી ગયા છે.

હવે તો વહાણ કિનારે આવ્યું છે. હવે મધ દરિયે વમળમાં ન જ પડાય. હવે તો પુરુષાર્થથી પાર પામવાનું છે. પ્રમાદને અવકાશ જ નથી.

કોઈ તો પૂછો તમારો આત્મા કેમ છે ?

જ્ઞાનમાં આગળ વધ્યો ?

પૂ. મા બહારગામ હતા. ત્યાં દેહ પ્રકૃતિ બગડવાથી મુંબઈ આવ્યા ત્યારે બધા મળવા આવતાં. બધા તબિયતની ખબર પૂછે અને વળી પૂછે, ખોરાક લેવાય છે ? ત્યારે એક વખત પૂ. માએ કહ્યું, બેટા, તબિયત કેમ છે એમ બધા પૂછો છો પણ કોઈ એમ તો પૂછો, મા તમારો આત્મા કેમ છે ? જ્ઞાન, ધ્યાનમાં આગળ વધ્યો ? ત્યાં ભક્તિ ભજન થતાં હતા ?

સત્સંગીઓ ભેગા મળીએ ત્યારે એ વાત થવી જોઈએ. દેહને ભૂલી જવો. ખોરાક લેવાય કે ન લેવાય દેહ તો પડવાનો હશે ત્યારે પડશે. ભક્તિભજન એ સાચો ખોરાક છે. જેથી આપણા આત્માને પોષણ મળે છે.

એક પ્રસંગે કોઈએ પૂછ્યું, 'મા મને ઉંઘ બહુ આવે છે,' ત્યારે મા એ કહ્યું, 'ભગવાનના વિયોગનું દુ:ખ જીવને લાગે પછી ઉંઘ કેમ આવે ? હજી દુ:ખ લાગતું નથી.'

કોઈ સ્ત્રીનો પતિ ઘણા વર્ષે આવતો હોય અને ગાડી રાતના બે કલાક મોડી હોય ત્યારે કોઈ કહે તે તો બાર વાગે આવશે. બે કલાક સૂઈ જા, તો તેને ઉંઘ આવે ? પણ ભગવાનના વિયોગને અનંતકાળ વહી ગયો છતાં જીવને દુ:ખ લાગતું જ નથી.

પછી કોઈએ પૂછ્યું, તેનું શું કારણ ? ત્યારે તેઓ બોલ્યા સંસારમાં અનાદિથી રતિ છે. સંસાર અસાર જાણ્યો નથી. સંસારનું સ્વરૂપ જાણવું જોઈએ. જાણવું શા માટે ? જાણીને છોડવા માટે. સમજણપૂર્વક છોડે તો પછી ગ્રહણ કરવા વૃત્તિ ન થાય.

સર્પ ચાલ્યો જતો હોય તેને કોઈ પકડે ? કેમકે ખબર છે કે પકડવાથી ડંખ દેશે. પણ સંસારમાં મૃગ જેમ ઝાંઝવાના જળ પાછળ દોડે છે તેમ જીવ સંસારનું સ્વરૂપ જાણ્યા વિના દોડે છે.

નિવૃત્તિ ક્ષેત્રે જાઓ ત્યારે શું કરવું ?

અમે ત્રણ સત્સંગી બેનો દેવલાલી જતાં હતા. એક મહિનો નિવૃત્તિ અર્થે સાથે રહેવા વિચાર હતો. પૂ. મા પાસે રજા લેવા ગયા. પૂ. માએ કહ્યું, બેટા, શા માટે જાઓ છો એ ભૂલતાં નહીં. સાથે મળી એકબીજાના દોષ જોશો નહીં. ક્યાંય હરવા ફરવામાં સમય ગુમાવશો નહીં. નકામી વાતો કે પ્રમાદ ન કરતાં ખૂબ વાંચન, મનન અને ભક્તિ ભજન કરશો. આ ભવ અને આવો યોગ ફરી ફરી નહીં મળે.

સત્સંગમાં સાંભળીએ તેનું મનન કરવું:

પૂ. મા પાસે આવતા ત્યારે વાંચનમાં પણ તેમના યોગબળથી બધા એક લક્ષે સાંભળતા. કોઈની દ્રષ્ટિ બીજે ક્યાંય જતી નહીં. પૂ. મા દરરોજ સંભારી દેતા કે પ્રભુ સમીપ હોઈએ ત્યારે લક્ષ બીજે ક્યાંય જવું ન જોઈએ. બધા બેનોને કહ્યું, અહીંથી નીચે જઈ વાતો ન કરશો. જે સાંભળ્યું હોય તેનું મનન કરવું. વાતો કરવાથી બધું ભુલાઈ જવાશે. દોડી દોડીને બધા આવો અને ઘેર જતાં સુધી પણ યાદ ન રહે તો સાંભળ્યું શું કામનું ?

(ક્રમશ:)

હોલી કે સંગ જીવન કે રંગ

સંસ્થા દ્વારા રવિવાર તા. ૧૭-૦૩-૨૦૧૯ના સવારે ૯.૩૦ કલાકે હોળીના ઉપલક્ષે એક અનેરો પરમાર્થિક કાર્યક્રમ ''હોલી કે સંગ જીવન કે રંગ'' શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જેમાં સંસ્થાના સર્વે મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પરમાત્માને પોતાના હૃદયના ભાવો દર્શાવતા ભક્તિના પદો દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના મુમુક્ષુ વિરલભાઈ શેઠે હોળીના રંગોને જૈન ધર્મના અગત્યના વિષય 'લેશ્યા'ના વિવિધ રંગો સાથે સાંકળી લઈને કાર્યક્રમની રૂપરેખાથી સર્વેને અવગત કર્યા હતા. જીવના ભાવોની અસર કેવી રીતે જીવની લેશ્યા (ઓરા) ઉપર પડે છે અને જીવના શરીરની આજુબાજુ કેવા કેવા રંગોના વર્તુળની રચના આપોઆપ થઈ જાય છે તે વિષય ઉપર તેમણે ટૂંકાણમાં સમજાવ્યું હતું. વિશેષ સમજાવતા તેમણે કહ્યું કે, 'હોળીનો આધ્યાત્મિક અર્થ પોતાના દોષોને દહન કરવા એવો થાય છે અને તે વસ્તુને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.'

કાર્યક્રમના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓને એક કાગળ આપવામાં આવ્યો હતો જેમાં તેઓ કોઇને કહી ન શકાય તેવા પોતાના વ્યક્તિગત દોષોની નોંધ કરી તેના પ્રતિપક્ષી આત્મિક ગુણો જે પ્રાપ્ત કરવા છે તેની નોંધ કરી શકે.



ત્યારબાદ સંસ્થાના યુવા મુમુક્ષુઓ દ્વારા એક પછી એક એમ છ લેશ્યાઓ, તેના કારણો તથા આત્મા ઉપર થતી તેની અસરને વિસ્તારપુર્વક સમજાવી. દરેક લેશ્યાના વક્તવ્યને તેના અનુરૂપ ભક્તિના પદે રંગવામાં આવ્યું હતું. મંદિરના મધ્યમાં ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી તેમજ તેની આગળના ભાગમાં એક કૃત્રિમ હવન કુંડ મૂકવામાં આવ્યો હતું જેમાં દરેક મુમુક્ષુએ ભાવપૂર્ણ પોતાના દોષોને હોમ્યા હતા અને ફરી પાછા તેવા દોષો ન થાય તેની ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા સમક્ષ ભાવ પ્રતિજ્ઞા પણ કરી હતી.

કાર્યક્રમના અંત સુધી દરેક લેશ્યા ઉપર વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું હતું તેમજ પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનોના આધારે સર્વ દોષોથી મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરવાની રીત પણ સમજાવવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓએ સમસ્ત કાર્યક્રમને અત્યંત ભાવપૂર્વક માણ્યો હતો તેમજ દોષોથી મુક્ત થયાની પ્રતિતીરૂપ એક હળવાશ પણ અનુભવી હતી. ◆

आरोग्य मेला

श्रीमद् राजचंद्र आत्म तत्व रिसर्च सेन्टर की जमशेदपुर शाखाने हर वर्ष की तरह इस वर्ष पुन: ''आरोग्य मेला'' हेल्प क्रोस सोसाइटी के साथ मिलकर १३ जनवरी २०१९ को नरभेराम हँसराज इंग्लिश मीडियम स्कूल के प्रांगण में आयोजित किया।

प्रात: ७.३० बजे से शुरु हुए इस केम्प में सर्वप्रथम ब्लड सेंपल लिया गया। लगभग ५२५ स्वास्थ्य जागृत जिन्होनें स्वयं को रजिस्टर करवाया था, इस का लाभ लिया । इस सैंपल के द्वारा ४४ पैरामीटर्स की जाँच की ब्लड सेम्पल देने के बाद सभी के लिए चाय काँफी व नाश्ते के इंतजाम भी संस्था द्वारा किया गया था।

इस मेडिकल कैम्प में शहर की जानीमानी मेडिकल संस्थाओं टाटा मेन हॉस्पिटल, मेडिट्रीना मल्टी स्पेशिलिटी हॉस्पिटल, ब्रह्मानंद नारायण हृदयालय और जीवन ज्योति फिजियोथेरेपि सेन्टरने अपनी स्वास्थ्य सेवा उपलब्ध कराई। २५ डॉक्टर्स की टीमने सभी इच्छुक लोगों का मुवायना किया और लगभग सभी जनरल बिमारीयों की संभावना की जाँच की । मेले का लाभ लेने वाले सभीने खुले दिल से उनको मिल रही इस सुविधा की तारीफ की और इसे सराहा और यह संस्था के लिए गर्व तथा संतोष का विषय रहा।

स्वास्थ्य जागरुकता के लिए आयोजित इस मेले का स्कूल प्रांगण के मुख्य होल में विधिवत शुभारंभ शहर के गणमान्य नागरिको की उपस्थिति में हुआ। आयोजन में उपस्थित मुख्य हस्तियों में श्री नकुलभाई कमानी (प्रेसिडेंट नरभेराम हँसराज इंग्लिश मीडियम स्कूल) मुख्य अतिथि के रूप में, श्री महेश्वर प्रसाद (डिस्ट्रीक्ट सिविल सर्जन) विशिष्ट अतिथि के तौर पर, श्री खुशमन उदानी डायरेक्टर हेल्प क्रोस सोसाइटी, श्री बी.के. शर्मा प्रेसिडेंट हेल्प क्रॉस सोसाइटी, श्री नरेश महेता शहर के प्रतिष्ठित व्यापारी और हमारे शुभचिंतक, श्री पिग्नेश जातकिया संस्था की जमशेदपुर शाखा के अध्यक्ष रहे। श्रीमद् राजचंद्र आत्म तत्व रिसर्च सेन्टर की ओर से श्री किशोर भाई वोराने कार्यक्रम को होस्ट किया। श्री पिग्नेश भाई ने संस्था की सभी सामाजिक और आध्यात्मिक गतिविधियों से लोगों को रुबरू करवाया, आश्रम की गतिविधियों की वीडियो झलक भी दिखाई गई। सभी उपस्थित गणमान्य लोगोंने अपने संबोधन में इस प्रकार की स्वास्थ्य सेवा का महत्व बताते हुए संस्था के कार्य की सराहना की और संस्था को प्रतिवर्ष किये जा रहे इस सेवा कार्य के लिए बधाई दी। सभी अतिथियों को संस्था द्वारा स्मृति चिन्ह भेंट किया गया और श्री विकास काबरा ने सभी का धन्यवाद ज्ञापन किया। मुख्य रुप जिन सुविधाओं को लोगों तक पहुंचाया गया उसमें ब्रेस्ट केन्सर स्कैनिंग मशीन, ईसीजी मशीन, बीएमआई मशीन, आंखों की जाँच, फिजियोथेरेपी इक्किपमेन्ट्स आदि थे। पूरे इवेन्ट को मीडिया ने अपना कवरेज दिया।

इस पूरे आयोजन में आध्यात्मिक विकास से जुड़े मुमुक्षुओ ने हर पल परम कृपालु देव व पूज्यश्री की उपस्थिति, करुणा और योगबल को फील किया।



સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ** (પરમ પૂજ્ય બાપુજી)

મૃત્યુ મહોત્સવઃ

હે વીતરાગ પ્રભુ! મૃત્યુના માર્ગે પ્રર્વતેલા એવા મને આત્મપરિણામની સ્થિરતારૂપ સમાધિ અને આત્મદર્શન - જ્ઞાન - રમણતારૂપ બોધિ કે જે પરલોકના માર્ગમાં સહાયક થાય એવું ભાથું તે આપો; કે જેથી હું મુક્તિપુરી પ્રત્યે નિર્વિઘ્ને પહોંચી જાઉં.

હે ભવ્ય! સેંકડો કૃમિજાળથી વ્યાપ્ત એવું જર્જરિત આ દેહરૂપ પાંજરૂં તે ભાંગી જતાં તારે જરાય ભય પામવા યોગ્ય નથી જ. હે આત્મન્! તું તો આ જડ શરીરથી જુદો જ્ઞાનરૂપ શરીરવાળો અવિનાશી એવો ચૈતન્યમૂર્તિ આત્મા છો.

હે જ્ઞાનવાન આત્મન! મૃત્યુરૂપ મહાન ઉત્સવ પ્રાપ્ત થયો તો હવે તેમાં ભય કેમ કરો છો? આત્મા પોતાના સ્વભાવમય સ્વરૂપમાં સ્થિર રહીને બીજા દેહ પ્રત્યે ગમન કરે છે તો તેમાં ભયનો હેતુ શો છે?

પૂર્વે થઈ ગયેલા મહા જ્ઞાનીપુરુષો એમ દર્શાવે છે કે જો મૃત્યુદ્વારા સત્કર્મોનું ફળ મળે છે અને સ્વર્ગના સુખો ભોગવાય છે તો સંત પુરુષોને મરણનો ભય કેમ હોય?

ગર્ભમાં આવ્યો ત્યારથી આ મારો આત્મા કર્મરૂપી શત્રુ વડે દેહરૂપી પિંજરામાં કેદીની માફક પૂરાયેલો, આધિ, વ્યાધિ ઉપાધી આદિ પીડાઓથી સંતાપ પામી દુઃખી દુઃખી થઈ રહ્યો છે. તેને આ દુઃખદ સ્થિતિમાંથી મૃત્યુરૂપ રાજા વિના બીજો કોણ છોડાવવા સમર્થ છે?

આત્મદર્શી મહાપુરુષો આ મૃત્યુ નામના મિત્રના પ્રસાદથી સર્વ દુઃખને દેવાવાળો એવો જે આ દેહપિંડ તેને તજી દઈને, દેહભાવનો સર્વથા ત્યાગ કરીને આત્મભાવનાના સતત અભ્યાસથી શાશ્વત સુખસંપત્તિને પ્રાપ્ત કરે છે.

મૃત્યુરૂપી કલ્પવૃક્ષને પામીને પણ જો તેથી આત્માર્થ સાધ્યો નહીં અર્થાત્ સમાધિની પ્રાપ્તિ કરે નહીં તો પછી જીવ સંસારરૂપ ઊંડા કાદવમાં ખૂંચી જશે ત્યારે અધોગતિઓમાં આત્માના ઉદ્ધાર માટે શું કરી શકશે? (આ મનુષ્યભવમાં સમાધિમરણ માટેનો પુરુષાર્થ જાગૃત હોય તો મરણ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન ઉપકારી થાય છે અને આત્મા જેવો છે તે પ્રાપ્ત કરાવે છે અને જો તેમ ન થયું અને પરમાં મમતા, દેહાધ્યાસ રાખી મરણ થયું તો પછી અધોગતિના ભ્રમણમાં આત્માના ઉદ્ધારનો અવસર ક્યાંથી આવશે? માટે અત્યારથી ચેતી જઈ, પ્રમાદ તજી, સમાધિમરણ સાધવામાં જાગૃત થવા યોગ્ય છે, આત્માર્થ ચૂકવા યોગ્ય કોઈ રીતે નથી.)

જે મૃત્યુના પ્રતાપથી જીર્ણ થઈ ગયેલ દેહાદિક સર્વ છૂટી જઈ નવીન દેહાદિક પ્રાપ્ત થાય છે તે મૃત્યુને સંતો આનંદનું કારણ કેમ ન માને? એવું મરણ શાતાના ઉદયની સમાન જ્ઞાની પુરુષોને તો હર્ષને માટે જ થાય છે.

દેહમાં સ્થિત એવો આત્મા સુખ તથા દુઃખને સદાકાળ જાણે છે અને પરલોક પ્રત્યે પણ પોતે જ ગમન કરે છે. તો પરમાર્થથી મૃત્યુનો ભય કોને હોય? (દેહથી ભિન્ન આત્માને જાણનાર તથા માનનાર સમજે છે કે જે ઊપજે છે તે મરે છે. જડ એવો આ દેહ પિંડ ઊપજ્યો છે તે નાશ પામે છે. હું તો દેહાદિથી

ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો આત્મા છું; ઉત્પન્ન થયો નથી તેથી તેનો નાશ પણ નથી. તો આ દેહ છોડી અન્ય ગતિ પ્રત્યે ગમન કરવામાં મારા સ્વરૂપનો નાશ તો નથી જ, તો પછી મરણનો ભય કર્તવ્યરૂપ નથી જ.)

જે જીવોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેને મૃત્યુ ભય ઉપજાવી શકે. પરંતુ જેઓ પોતાના ચિદાનંદ સ્વરૂપના જ્ઞાન સહિત છે, તે તો સંસારથી વૈરાગ્યયુક્ત હોવાથી મૃત્યુ તેમને માટે આનંદ થાય છે અર્થાત્ મહોત્સવ સ્વરૂપ થાય છે.

જ્ઞાનીઓએ માનેલું છે કે આ દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી. જ્યારે તેનો વિયોગ થવાનો છે એ ભેદવિજ્ઞાનને લઈને હંમેશા નગારા વાગતાં હોય તેવી રીતે તેના કાને પડે છે અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી.

''જ્ઞાની દેહ જવાનો છે એમ સમજી તેનો વિયોગ થાય તેમાં ખેદ કરતાં નથી, પણ જેવી રીતે કોઈની વસ્તુ લીધી હોય ને તેને પાછી આપવી પડે તેમ દેહને ઉલ્લાસથી પાછો સોંપે છે.'' - શ્રીમદ્ રાજચંદ્રજી

પોતાના કરેલા સત્કર્મોને ભોગવવા જ્યારે આ આત્મા પરલોક પ્રત્યે ગમન કરે છે ત્યારે પંચભૂતના આ શરીરાદિના પ્રપંચ વડે એને કોઈ રોકી શકે નહીં.

સંતોને મૃત્યુકાળે જે જે રોગાદિ દુઃખ ઉત્પન્ન થાય છે તે સર્વ શરીર ઉપરનો મોહ નાશ કરવાને અને શાંતિથી ભરપૂર મોક્ષ સુખની પ્રાપ્તિ માટે જ થાય છે.

જે મૃત્યુ અજ્ઞાનીને તાપરૂપ થાય છે તે જ મૃત્યુ જ્ઞાનીને અમૃત એટલે મોક્ષની પ્રાપ્તિ કરાવનાર સુખરૂપ થાય છે. જેમ કાચો ઘડો અગ્નિમાં પકાવ્યા પછી અમૃતને એટલે પાણીને ધારણ કરવા સમર્થ થાય છે તેમ મૃત્યુરૂપ અગ્નિના તાપને જે સમતાથી સહે છે તે અમૃતરૂપ મોક્ષને પ્રાપ્ત કરવા સમર્થ બને છે.

દીર્ઘકાળ પર્યંત પંચ મહાવ્રતનું પાલન આદિ અનેક શુભ ક્રિયાઓની વિટંબનાથી જે ફળ સંતો પામે છે તેજ ફળ મૃત્યુ વખતે સમાધિ રાખવાથી સુખે અને સહેજે પ્રાપ્ત થાય છે.

જે જીવનાં મરણ સમયે આર્ત પરિણામ ન હોય અને શાંત ચિત્ત હોય, તે જીવ તિર્યંચ કે નરક ગતિમાં દેહ ધારણ ન જ કરે. પરંતુ જો જીવ ધર્મધ્યાનપૂર્વક અનશનવ્રત સહિત મરણ કરે તો સ્વર્ગલોકમાં ઈન્દ્ર કે મહાર્દ્ધિક દેવ થાય.

તપના સંતાપને સહન કરવાનું, વ્રતનું પાલન કરવાનું અને શ્રુતનું પઠન કરવાનું ફળ તો સમાધિ એટલે પોતાના આત્માની સાવધાનીપૂર્વક દેહત્યાગ કરવો તે છે.

લોકમાં એ પ્રસિદ્ધ કથન છે કે જેનો અતિશય પરિચય થાય તેમાં કાળે કરી અપ્રીતિ ઉત્પન્ન થાય અને નવી વસ્તુના સંગમાં પ્રીતિ ઉપજે તો હે આત્મન્ ! આ શરીરનો લાંબા કાળ સુધી તને પરિચય થયો છે. છતાં તને અપ્રીતિ કેમ થતી નથી ? અને નવીન પર્યાયના લાભમાં ભય કેમ કરે છે ?

સમાધિમરણને સાધનાર ભાગ્યવંત સ્વર્ગમાં સુખને ભોગવી પાછા મનુષ્યલોકમાં પવિત્ર નિર્મળ કુળમાં અનેક લોકોના ચિત્તને આનંદરૂપ જન્મ ધારણ કરી પોતાના સ્વજન આદિને વિવિધ પ્રકારના વાંછાનુસાર ધનાદિરૂપ ફળ આપીને, પુણ્ય વડે ઉપાર્જન કરેલા ભોગોને અહર્નિશ ભોગવીને, આયુષ્ય પ્રમાણ અલ્પકાળ ભૂમંડળમાં વીતરાગભાવે વિચરીને, જેમ નૃત્ય શાળામાં નૃત્ય કરવાવાળો પુરુષ લોકમાં આનંદ ઉપજાવી જતો રહે તેમ તે સંત પુરુષો સમસ્ત લોકમાં આનંદ ઉપજાવી સ્વયંમેવ દેહનો ત્યાગ કરી, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન પદમાં વિરાજમાન થાય છે.

(ક્રમશઃ)

(સમાધિ સાધનામાંથી સાભાર)

નોંધ : પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

ઉત્સાહી પ્લે સ્ટેશન

૩ ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે બેંગ્લોર સેન્ટર ખાતે ''ઉત્સાહી પ્લે સ્ટેશન'' કાર્યક્રમનું આયોજન, સર્વ મુમુક્ષુઓ ઉત્સાહી કોર્સને ''જ્ઞાન સાથે ગમ્મત'' અને ''હસતાં રમતાં મોક્ષ''ના સિદ્ધાંતને અનુભવીને તથા સત્સંગને જુદી જ રીતે માણીને વધુ પુરુષાર્થ કરે તે હેતુથી કરવામાં આવ્યું હતું. આ માટે પરમ કૃપાળુદેવના જીવનને અને શિક્ષાને દર્શાવતી ૭ ગેમ્સ, સચિત્ર જીવન દર્શન અને જીવનકલા પુસ્તકોના આધારે બેંગ્લોરના રાજસેવકોએ નિકુંજબેન દોશી અને જીતેનભાઈ સંઘરાજકાના માર્ગદર્શન હેઠળ તથા રેશમાં ધામીના નેતૃત્વ હેઠળ તૈયાર કરી હતી.

આ અર્ધદિન શિબિર પત્યા પછી દરેક મુમુક્ષુનાં મુખ પર પ્રભુને થોડા વિશેષ ઓળખ્યાનો ભાવ તથા કંઈક નવું શીખ્યાનો આનંદ વર્તાતો હતો. બીજા સેન્ટર્સને મદદરૂપ થઈ શકવાના હેતુથી બધી ગેમ્સની સંક્ષેપમાં માહિતી નીચે આપવામાં આવી છે. વધુ માહિતી માટે આપ રેશમા ધામીનો સંપર્ક કરી શકો છો.

ગેમ - ૧ : વિશાળ માનવ કદની સાપસીડી : ૧ થી ૫૦ અંકમાં ચાલીને રમી શકાય તેવી ગોઠવણ કરવામાં આવી હતી જેમાં ભક્તિ, આજ્ઞા આરાધન, સદ્‌ગુરુમિલન તથા સમકિતની સીડીઓ સાથે પ્રમાદ, સ્વચ્છંદ, કષાય અને અશ્રદ્ધાનાં સર્પ હતા. દરેક દાવ પર રમનારને પરમ કૃપાળુદેવના જીવન અથવા તેમની શિક્ષા વષે એક પ્રશ્ન પૂછવામાં આવે અને સાચા ઉત્તર પછી સોગઠા નાખી આગળ વધી શકાય.

ગેમ - ૨ : તારીખ પે તારીખ : આ ગેમમાં બાળપણમાં રમાતી ઈલેક્ટ્રો ગેમનો ઉપયોગ કરી પ્રભુના જીવનની અગત્યની તારીખ યાદ રહી જાય તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પ્રશ્ન અને સાચા જવાબ પર પ્લગ મુકતા જવાબ સાચો હોય તો લોક થાય.

ગેમ - ૩ : ચાર ભક્ત રત્નો : આ ગેમમાં રમવાના પત્તા દ્વારા ચાર ભક્તરત્નો પર પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. જે પત્તુ ખોલવામાં આવે તેમાં રહેલ પ્રશ્નનો ઉત્તર મુમુક્ષુએ આપવાનો રહે અને ન આવડે તો સાચો ઉત્તર જણાવવામાં આવે.

ગેમ - ૪ : પ્રભુના ઋણાનુબંધીને જાણો: આ ગેમમાં પ્રભુના નજીકના ઋણાનુબંધીના (ફર્સ્ટ ફેમિલી) નામ યાદ રહી જાય તે માટે ફેમિલી ટ્રી પુરું કરવાનું રહે.

ગેમ - ૫ : ડક એન્ડ વોટર : આ ગેમમાં પાણીના ટબમાં અમુક નંબર સાથે બતક તરતા રાખવામાં આવ્યા હતા. પ્રભુના જીવન પર એક પ્રશ્ન પૂછવામાં આવે અને તેના જવાબમાં જે નંબર હોય તે બતકને હુકથી ઉપાડવાનું રહે.

ગેમ - ૬ : ઝેન્ગા : આ ગેમમાં ૨૭ બ્લોક્સનું પિલર હોય (દરેક સ્લેબમાં ૩ તેવા ૯ સ્લેબ) દરેક બ્લોક પર પ્રશ્ન હોય. મુમુક્ષુએ એક બ્લોક કાઢવાનો, પ્રશ્નોનો સાચો જવાબ આપવાનો અને પિલર પડે નહીં તેનું પણ ધ્યાન રાખવાનું.

ગેમ - ૭ : વ્હોટ ધ કિંગ વોન્ટ્સ : પ્રભુ આપણા રાજા છે. તેમણે લખેલા વાક્યોનું અનુસંધાન વિચારી તે સચિત્ર જીવન દર્શન અથવા જીવનકલામાં ક્યાં છે તે ગોતી કાઢવું. અહીં જે પુસ્તક વાંચનમાં હોય તે પ્રમાણે પ્રશ્ન આપવામાં આવે.

જ્ઞાની દશા : દરેક મુમુક્ષુને પરમ કૃપાળુ દેવના પાંચ વાક્યો પહેલેથી જ પુરુષાર્થ રૂપે આપી દેવામાં આવ્યા હતા જેમાં પરમ કૃપાળુ દેવ શું કહેવા માગે છે અને તે સંદર્ભમાં આપણી ચર્ચા કેવી છે તેનો વિચાર કરવા જણાવ્યું હતું. રમત પછી આ પાંચ વાક્યો પર મુમુક્ષુઓના વિચાર જાણ્યા પછી નિકુંજબેને તેનો પરમાર્થ સમજાવી કઈ રીતે આપણે જીવનમાં વર્તવું













જોઈએ તે પર પ્રકાશ પાડ્યો હતો.

આ ઉપરાંત ૩ સ્પીરીચ્યુઅલ ક્લીનીકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુમુક્ષુની વન ઓન વન મિટિંગ નિકુંજબેન દોશી, જીતેનભાઈ સંઘરાજકા તથા પરેશભાઈ શાહ સાથે કરાવવામાં આવી હતી જ્યાં તેઓ પોતાના પુરુષાર્થ તથા વાંચનમાં મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવી શકે. ત્યાર પછી દંગલ સિનેમાની એક ક્લિપ પરમાર્થ વિચાર માટે બતાવવામાં આવી હતી જેના પર મુમુક્ષુનાં વિચાર જાણી જીતેનભાઈએ સદ્‌ગુરુ ભક્તિ,આજ્ઞા આરાધન, ઋણાનુંબંધ, સદગુરુના મુમુક્ષુ પર ગુપ્ત ઉપકાર વિગેરે પર ઊંડાણથી સમજણ આપી હતી.

આ રીતે જાણે વાતાવરણમાં પરમ પૂજ્ય પપ્પાજી તથા પરમ કૃપાળુદેવની હાજરી પ્રત્યક્ષ વર્તતી હતી. દરેક મુમુક્ષુને હસતા રમતા પ્રભુ સાથે જોડાઈ તેમને ઓળખવા પ્રયત્નશીલ થયાનો એક અનેરો આનંદ અનુભવાયો હતો. ◆

જીવ તત્વ



જીવના ભેદ On the basis of ઈન્દ્રિય

એકેન્દ્રિય જીવો-દરેક પ્રકારની સચિત માટી, દરેક પ્રકારના પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ.

સાધારણ વનસ્પતિ : તમામ પ્રકારના કંદમૂળ

પ્રત્યેક વનસ્પતિ : ફળ, ફળાદિ, શાકભાજી

બેઈન્દ્રિય જીવો : ૧ શંખ, ૨. છીપ, ૩. વાળા, ૪. અળસિયા, ૫. કાષ્ટ-કીડો, ૬. મામણ, ૭. કોડા-કોડી.

તેઈન્દ્રિય જીવો : ૧. માંકડ, ૨. ધોળી જુ, ૩. ઈયળ, ૪. ગીંગોડા, ૫. ગોકળગાય, ૬. કાળી જુ, ૭. મંકોડા, ૮. ઉધઈ

સંજ્ઞી પંચેન્દ્રિય જીવો : જલચર, સ્થળચર, આકાશગામી-ખેચર તેમ હોય છે.


જલચર જીવો : ૧. મગર, ૨. દેડકો, ૩. માછલી, ૪. કરચલો, ૫. આઠપગો, ૬. સીલ, ૭. કાચબો, ૮. વ્હેલ.

સ્થળચર : ૧. ગોરિલા, ૨. વાનર, ૩. ગરોળી, ૪. નોળિયા, ૫. ઘો, ૬. હાથી, ૭. અજગર, ૮. ગાય, ૯. સિંહ, ૧૦. ઘોડો.

આકાશગામી ખેચર : વૃક્ષ પર બેઠેલા રોમજ પક્ષી, ચામાચીડિયું, બીડેલી પાંખવાળા અને ઉઘાડી પાંખવાળા રોમજ પક્ષી

સર્વ પ્રકારના જીવો : દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી.

કુંભમેળો: જ્યાં મળે ભારતીય સંસ્કૃતિની સર્વોત્તમ ઝલક



મકરસંક્રાતિ દર વર્ષે ૧૪ જાન્યુઆરીએ આવે છે, પણ આ વર્ષે ૨૦૧૯માં ૧૫ જાન્યુઆરીએ મકરસંક્રાતિ હતી કારણ સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં ૧૪ જાન્યુઆરી સાંજ પછી પ્રવેશ્યો. આ જ કારણસર ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં કુંભમેળો ૧૫ જાન્યુઆરીથી શરૂ થયેલ. પહેલું શાહી સ્નાન પણ ૧૫ જાન્યુઆરીએ હતું. આ સંક્રાંતિ મકરસંક્રાતિ નામથી ઓળખાય છે. આ દિવસે ધનારકની સમાપ્તિ થાય છે, ત્યાર પછી તમામ શુભ કાર્યો કરી શકાય છે.

કુંભમેળાનો ઈતિહાસ ૮૫૦ વર્ષ જૂનો છે. મનાય છે કે આદિ શંકરાચાર્યજીએ તેની શરૂઆત કરી હતી, પણ કેટલીક કથાઓ અનુસાર કુંભની શરૂઆત સમુદ્ર મંથન પછી થઈ હતી. જો કે કેટલાક દસ્તાવેજોમાં ઉલ્લેખ છે કે કુંભમેળો ઈ.સ. પૂર્વે ૫૨૫માં શરૂ થયો હતો.

ઉત્તરપ્રદેશના અલાહાબાદ જેનું નવું નામ પ્રયાગરાજ કરાયું છે, ત્યાં કુંભમેળો ૧૫ જાન્યુઆરીથી વિધિવત શરૂ થયો જે પુરા ૫૦ દિવસ એટલે કે ૪ માર્ચને મહાશિવરાત્રિના દિવસે સમાપ્ત થયો. પ્રયાગરાજ ત્રણ નદીઓનું સંગમસ્થાન છે. ગંગા, યમુના અને સરસ્વતી નદીના આ ત્રિવેણીમાં જે ભક્તો ડૂબકી લગાવે તેના સર્વ પાપોનો નાશ થાય છે એવી માન્યતા છે. તેમજ એવું કહેવાય છે કે કુંભમાં દેવો પણ આવીને વસે છે, જેથી તેમની કૃપા મેળવવા અને કષ્ટો દૂર કરવા દેશ અને વિદેશથી ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો એ કુંભમેળામાં આવે છે.

કુંભનો અર્થ થાય છે કળશ અને તેનો સંબંધ છે અમૃત કળશ સાથે. એવી માન્યતા છે કે જ્યારે દેવાસુર સંગ્રામ પછી દેવ અને દાનવો સમુદ્ર મંથન માટે રાજી થયા ત્યારે મંદરાચલ પર્વત તેના માટે રવૈયો બન્યો હતો અને નાગ વાસુકી મંથન કરવા માટે દોરડી (નેતિ) બન્યાં હતાં. સમુદ્ર મંથન વખતે ૧૪ રત્નો મળ્યા, જેને દેવ અને દાનવોએ સરખે હિસ્સે વહેંચી લીધા હતા. પણ જ્યારે ધન્વન્તરી અમૃતકળશ લઈને આવ્યા અને દેવતાઓના હાથમાં આપ્યો ત્યારે દેવ અને દાનવો વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે ભગવાન વિષ્ણુને મોહિની સ્વરૂપ લઈને આવવું પડ્યું. દેવ અને દાનવો વચ્ચે મોહિની સ્વરૂપ ધારણ કરીને આવેલા વિષ્ણુ ભગવાને એવી રજૂઆત કરી કે હું





બધાને અમૃતપાન કરાવીશ. દેવો અને દાનવો વચ્ચે સહમતિ સધાઈ ગઈ. અમૃતકળશને સુરક્ષિત દેવલોક પહોંચાડવાની જવાબદારી ઈન્દ્રના પુત્ર જયંતને સોંપાઈ હતી. અમૃતકળશને લઈને જ્યારે જયંત દાનવો પાસેથી ભાગ્યા ત્યારે તે અમૃતકળશમાંથી અમૃત પૃથ્વી પર ચાર સ્થાનો પર ઢોળાયું હતું. જે સ્થાનોમાં હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિકમાં અમૃતના બિંદુ પડ્યા ત્યાં દર ત્રણ વર્ષે કુંભમેળો યોજાય છે.

તેમ જ વિષ્ણુની આજ્ઞાથી સૂર્ય, ચંદ્ર, શનિ અને બૃહસ્પતિ પણ અમૃતકળશની રક્ષા કરી રહ્યા હતા. અને વિવિધ રાશિઓ જેવી કે સિંહ, કુંભ અને મેષમાં વિચરણને કારણે તમામ કુંભ પર્વમાં સૂચક બન્યાં છે. આ પ્રકારે ગ્રહો અને રાશિઓને કારણે કૂંભ પર્વ જ્યોતિષનું પર્વ પણ બની ગયું છે.

ઈન્દ્રના પુત્ર જયંતને અમૃતકળશને સ્વર્ગ લઈ જવા માટે ૧૨ દિવસનો સમય લાગ્યો હતો. એમ મનાય છે કે દેવતાઓનો એક દિવસ પૃથ્વીના એક વર્ષની બરોબર હોય છે. આ કારણે જ કાલાન્તરમાં દર્શાવેલ સ્થળો પર ગ્રહ રાશિઓના વિશેષ સંયોગથી દર ૧૨ વર્ષે કુંભ મેળાનું આયોજન થાય છે.

કુંભમેળો કયા સ્થાન પર થશે, તે રાશિ નક્કી કરે છે. વર્ષ ૨૦૧૩માં કુંભ મેળો પ્રયાગ અલાહાબાદમાં યોજાયો હતો, તેનું કારણ રાશિઓની વિશેષ ઉપસ્થિતિ હતી; માઘ અમાવસ્યાના દિવસે સૂર્ય અને ચંદ્ર મકર રાશિમાં હોય અને ગુરુ મેષ રાશિમાં હોય છે. આ સંયોગ વર્ષ ૨૦૧૩માં ૨૦ ફેબ્રુઆરીના રોજ થયો હતો અને આથી કુંભમેળો પ્રયાગમાં થયો હતો. ૧૯૮૯, ૨૦૦૧, ૨૦૧૩ અને હવે પછી આગામી કુંભમેળો અહીંયા ૨૦૨૫માં યોજાશે.

વિષ્ણુ પુરાણમાં કહેવાયું છે કે જ્યારે ગુરુ કુંભ રાશિમાં આવે અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે હરિદ્વારમાં કુંભ યોજાય છે. ૧૯૮૬, ૧૯૯૮, ૨૦૧૦ અને તે પછી હવે આગામી મહાકુંભ મેળો હરિદ્વારમાં ૨૦૨૧ યોજાશે.

સૂર્ય અને ગુરુ જ્યારે બન્ને રાશિ સિંહમાં હોય ત્યારે કુંભમેળાનું આયોજન નાસિક (મહારાષ્ટ્ર)માં ગોદાવરી નદીના તટ પર થાય છે. ૧૯૮૦, ૧૯૯૨, ૨૦૦૩ પછી ૨૦૧૫માં કુંભમેળો યોજાયો હતો. ગુરુ જ્યારે કુંભ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે ઉજ્જૈનમાં કુંભ યોજાય છે. ૧૯૮૦, ૧૯૯૨, ૨૦૦૪ અને તે પછી ૨૦૧૬માં કુંભ યોજાયો હતો.

કુંભના આયોજનમાં નવગ્રહોમાં સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિની અતિ મહત્વપૂર્ણ ભૂમિકા છે. અમૃતકળશ સ્વર્ગમાં લઈ જતી વખતે કળશની ખેંચતાણમાં ચંદ્રએ અમૃતને વહેતું બચાવ્યું હતું, ગુરુએ કળશને છુપાવી નાખ્યો હતો, સૂર્યદેવે કળશને ફુટતા બચાવ્યો હતો અને શનિદેવે ઈન્દ્રના કોપથી રક્ષા કરી હતી. આ કારણે જ્યારે આ ગ્રહોનો સંયોગ એક રાશિમાં થાય ત્યારે કુંભનું આયોજન થાય છે.

ગુરુ એક રાશિમાં એક વર્ષ રહે છે, એવી રીતે ૧૨ રાશિમાં ભ્રમણ કરતાં તેને ૧૨ વર્ષનો સમય લાગે છે. એટલા માટે દર ૧૨ વર્ષે તે સ્થળ પર કુંભનું આયોજન થાય છે. પણ કુંભ માટે નક્કી કરેલ ચાર સ્થળોમાં અલગ અલગ સ્થળો પર દર ત્રણ વર્ષે કુંભનું આયોજન થાય છે. કુંભના ચાર સ્થાનોમાં પ્રયાગ કુંભ માટે વિશેષ મહત્વ ધરાવે છે. દર ૧૪૪ વર્ષે અહીંયા મહાકુંભ યોજાય છે.

કહેવાય છે કે ગ્રહોની ચાલને કારણે ગંગાજળ ઔષધિયુક્ત અને અમૃતમય થઈ જાય છે. આ કારણે જ પોતાના અંતરાત્માની શુદ્ધિ માટે પવિત્ર સ્નાન કરવા માટે લાખો શ્રદ્ધાળુઓ કુંભમાં આવે છે. અધ્યાત્મિક દ્રષ્ટિએ પણ ગ્રહોની સ્થિતિને કારણે એકાગ્રતા અને ધ્યાન સાધના માટે શ્રેષ્ઠ સમય હોય છે.

ચિત્રલેખા, ૧૫ જાન્યુઆરી, ૨૦૧૯

GARDEN YOGA FOR KIDS



Pretend to be a tree

Tree Pose : Stand on one leg. Bend the other knee and place the sole of your foot on your inner thigh. Sway like a tree in the breeze. Now the other side.



Pretend to be a frog

Squat Pose.: Come down to a squat with your knees apart and arms resting between your knees. Touch your hands to the ground. Jump like a frog.

Pretend to be a seed



Child's Pose : Sit back on your heels and bring your forehead down to rest on the floor. Pretend to be a seed in the garden.



Pretend to be a butterfly

Cobbler's Pose : Sit on your buttovks with a tall spine. Bend your legs with the soles of your feet together. Flap your legs like the wings of a butterfly



Pretend to be a flower

Flower Pose : Lift your bent legs, balancing on your sitting bones. Weave your arms under your legs, palms up. Pretend to be a flower in bloom.



RECENT NEWS

NATIONAL

- Lok Sabha elections - BJP vows tax cuts, kisan sops, hard line on culture, nationalism & security.
- Rs. 137 Crore in Cash Seized In Tamil Nadu In 10 Days ahead of Polls
- The Supreme Court has held that a woman driven out of her matrimonial home can file a criminal case against her estranged spouse and in-laws at a place where she has taken shelter.
- Bill Introduced for NRI Men to Register Marriage within 30 Days of date of marriage failing which his passport can be impounded or revoked.
- Former Supreme Court Judge Pinaki Chandra Ghose became the first Lokpal of the Country.



- The Enforcement Directorate attached 13 properties worth Rs. 1.22 crores of 7 alleged terrorists in connection with a case against Hizb-ulMujahideen the most active terror outfit in Kashmir.
- The Navy is set to induct the second Scorpene submarine Khanderi by early May. The remaining submarines in the series are in advanced stages of manufacturing and trials.

ECONOMIC

- India highest recipient of remittances at $79 billion in 2018. India was followed by China ($67 billion), Mexico ($36 billion), the Philippines ($34 billion), and Egypt ($29 billion).
- India to grow 7.3 in 2019; 7.5 in 2020: IMF
- Airlines asked to increase flights to curb fares
- Wipro set to announce its largest share buy-back over worth Rs. 12,000 crores

INTERNATIONAL

- Boeing will roll out an upgrade to the software in the MCAS stall prevention system on the 737 MAX aircraft that have had two deadly accidents in recent months.
- UK lawmakers approve PM May's plan to seek Brexit. EU ministers insist Brtain must justify Brexit



- Pakistan PM: Better chance of Peace talks with India if Modi's BJP wins elections
- Benjamin Netanyahu wins national election in Israel securing a record 5th term


SPORTS



- Indian women's hockey team holds Malaysia to 4-4
- Indian women's football team held 3-3 by Myanmar – bows out of 2020 Olympic qualifiers
- Australian Graham Reid appointed new Indian men's hockey team Chief Coach



તત્ત્વ પહેલી



આડી ચાવીઓ :

૨) તિર્થંકરનો બોધ સાંભળી અને આત્મસાત્ કરે છે તે ..... (૪)

૫) ત્યાગ, વૈરાગ્ય પછી દરેક પદાર્થ પ્રત્યે નિરાસક્ત ભાવ તે ..... છે (૫)

૯) મનન કરવાથી છાપ પડે છે, ... કરવાથી ગ્રહણ થાય છે. (૫)

૧૦) જ્યાં સુધી રાગ-દ્વેષ છે ત્યાં સુધી ..... રહિત થવાતું નથી. (૩)

૧૧) જો ..... થી છૂટવું હોય તો સંકલ્પ - વિકલ્પ અને રાગ-દ્વેષ ને મૂક (૫)

૧૩) ઈન્દ્રિયો અને મન વશ થાય તે ..... (૫)

ઊભી ચાવીઓ :

૧) બીજા જીવોને દુઃખી જોઈ એમ થાય કે એને કેવા કર્મોનો ઉદય ભોગવવો પડે છે ! ..... (૪)

૨) હું કોઈ ..... માં નથી પણ આત્મામાં છું. (૨)

૩) પદાર્થ પોતાનાં સ્વભાવમાં રહે એ એનો ..... કહેવાય (૨)

૪) સારો સમાગમ, સારી રીતભાત હોય ત્યાં ..... આવે (૩)

૬) ..... પરિણામ આત્માને ભજ્યા કરે છે. (૩)

૭) ..... સાત પ્રકારની છે. (૩)

૮) સંસારના પદાર્થોમાં જ ..... રહ્યા કરે છે. (૩)

૯) ..... આગળ સહનશીલતા જ સુખદાયક છે. (૫)

૧૨) ..... ગયુ તો ચાર ગતિ ટળે. (૩)

FORTHCOMING EVENTS

- 21st April 2019 - Param Gyaan Sabha - Vasant Smruti Hall, Dadar (E)
- 23rd to 24th April 2019 - Medical Shibir : Uttam Shishyatva - Rajnagar Parli
- 27th to 28th April 2019 - RIYF Shibir : Sat Shrut - Rajnagar Parli
- 1st to 4th May 2019 - Hindi Shibir : Kab Jagenge Aatma - Rajnagar Parli
- 18th to 19th May 2019 - Shibir (Newspaper Collection Team) - Rajnagar Parli
- 21st to 25th May 2019 - Shibir - Rajnagar Parli

Shree Premacharyaji's Satsang
DAILY relay on
ARIHANT CHANNEL
at 9 am/11.20 pm
Shree Premacharayaji's Satsang
is available live on
www.vitraagvigyaan.org

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar.

DESIGN: Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

ANANYA PARIVARTAN

C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22005727 Email: info@simpl.in

From Us... to You

ANANYA PARIVARTAN contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues... & earn punya.

For Inquiries, Contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

FOR ANY QUERY CONTACT

Ahmedabad	Priti Shah	09898701070	pritishah927@gmail.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kirankjs@yahoo.com
Chennai	Paresh Sanghvi	09840202363	pareshsanghvi@rediffmail.com
Delhi	Shakunji Jindal	09971947111	shakun.jql@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Dubai	Satishbhai Pai	07045378287	satishspy@gmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Paras Vora	09505278201	parasvora9@hotmail.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	kirti_savla@yahoo.com
Jamshedpur	Meena Bhayani	09430315223	bhayanimeena10@gmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 22060477	info@simpl.in
Pune	Rupesh Gopani	07875786100	rgopani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Rajnandgaon	Sagar Jain	09827977880	sagar.sagarjain@gmail.com
Raipur	Vikas Kocheta	08871912349	kocheta.vk@gmail.com
USA	Hetalbhai Shah	+1 (647)283-4292	hetalshah71@yahoo.com
USA	Reenaben Shah	+1(818) 859-8183	reena_shah1@hotmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.co.in

SPONSORSHIP – GYAN DAAN
For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	**: Rs.**	**3,00,000/- (For all 6 issues)**
One Issue	**: Rs.**	**50,000/-**
Back Cover	**: Rs.**	**9,000/-**
Inside Front Cover	**: Rs.**	**7,500/-**
Inside Back Cover	**: Rs.**	**6,000/-**
Centre Spread	**: Rs.**	**11,000/-**

For Sponsorship, please contact:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@yahoo.com
Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com
Pratibha Chheda : 09324715450, pratibhachheda06@gmail.com
Dina Shah : 09833822320, dinashah09@gmail.com

Shrimad Rajchandra Aatma Tatva Research Centre
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

◆ **One Year : Rs. 400/-**

ANANYA PARIVARTAN
Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020
Contact No: 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

Annual Subscription Form

(Please fill the form in capital letters)

Name of the Subscriber: _____

Address of Delivery : _____

_____ Landmark: _____

City: _____ PinCode: _____ State:_____ Country: _____

Tel: (R)_____ (O)_____

Mobile:_____E-mail:_____

Mode of payment: Cash / Cheque / DD No. _____ Dated _____

Drawn on Bank _____ for **Rs.** _____/-

(Rupees _____ only).

Date: ___/___/_____ Signature of the Subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **Indian Bank Current A/c No. 6145603669** (Cumballa Hill) for credit of "**Shrimad Rajchandra Aatma Tatva Research Centre".** Please email to info@simpl.in after making deposit in Bank.

સૌજન્ય : નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ

Aarogya Mela - SRATRC Jamshedpur





Holi Ke Sang Jivan Ke Rang - SRATRC Kolkata





Yaatra Pravas




Dhaman Mandir



Shrimad Rajchandra
Aatma Tatva Research Centre

RESEARCH CENTRE

Raj Nagar, Post Gothavade, Parli, Taluka Sudhagadh, Off Khopoli-Pali Road, Dist. Raigad - 410205

Tel. : +91 78754 32613

HEAD OFFICE

702, Sharda Chambers, 15 New Marine Lines, Mumbai - 400 020

Tel. : +91 22 22005727

E-mail : info@vitraagvigyaan.org

Helpline : +91 99200 19903 (Queries regarding Research Centre, Satsang, Satsang Centres & Activities)



With Best Compliments From
California Satsang Group - California